RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 222 Dt. 08-03-2026 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## ખામેનીના મૃત્યુના બદલા સુધી યુદ્ધ ચાલશે : ઈરાન

### મોટો હુમલો કરવાના અમેરિકાના નિવેદન બાદ ઈરાનની પ્રતિક્રિયા



તહેરાન, તા.૭

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું ઈરાન પર મોટો હુમલો કરવાના નિવેદન બાદ ઈરાને પણ પ્રતિક્રિયા આપી છે. ઈરાને જણાવ્યું છે કે જ્યાં સુધી સુપ્રીમ લીડર ખામેનીના મૃત્યુનો બદલો લેવામાં નહીં આવે ત્યાં સુધી તે લડાઈ ચાલુ રાખશે. આ માહિતી ઈરાનના સરકારી મીડિયા દ્વારા આપવામાં આવી હતી.

આ સમિતિએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી સુપ્રીમ લીડર ખામેનીની હત્યા માટે જવાબદાર લોકોને સજા ન મળે ત્યાં સુધી ઈરાન સંઘર્ષ ચાલુ રાખશે. આયાતુલ્લાહ અલી ખામેનીના મૃત્યુ બાદ ઈરાને કડક વલણ અપનાવ્યું છે અને એક મોટું નિવેદન આપ્યું છે. ઈરાની અધિકારીઓએ પ્રતિજ્ઞા લીધી છે કે ખામેનીના મૃત્યુનો બદલો લેવામાં ન આવે ત્યાં સુધી યુદ્ધ ચાલુ રહેશે.

આ ઉપરાંત ઈરાની રાષ્ટ્રપતિ કાર્યાલયના નાયબ વડાએ કહ્યું કે ઈરાન દબાણ સામે ઝૂકશે નહીં અને ચેતવણી આપી કે ઈરાની સૈન્ય આ ક્ષેત્રમાં અમેરિકાના કોઈપણ હુમલાનો કડક જવાબ આપશે. રાષ્ટ્રપતિના અગાઉના નિવેદનની સ્પષ્ટતા કરતા અધિકારીએ જણાવ્યું હતું કે ઈરાન પડોશી દેશોમાં અમેરિકન બેઝથી થનારા કોઈપણ હુમલાનો કડક જવાબ આપશે.

આ પૂર્વે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ, ટ્રુથ સોશિયલ પર એક નિવેદન બહાર પાડીને ઈરાન પર મોટા હુમલાની ધમકી આપી હતી. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાને માફી માંગી છે અને મધ્ય પૂર્વીય પાડોશીઓ સમક્ષ શરણાગતિ સ્વીકારી છે. તેમજ તેમની ફરીથી હુમલો નહીં કરવાનું વચન પણ આપ્યું છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે આ વચન ફક્ત અમેરિકા અને ઈઝરાયલ દ્વારા સતત હુમલાઓને કારણે આપવામાં આવ્યું છે.

### ૩૦ દિવસની છટ ઉપર ભારત નિર્ભર નથી

## રશિયાનું ક્રૂડ ખરીદવા કોઈની મંજૂરીની જરૂર નથી

### રશિયા પાસેથી તેલ ખરીદવાની છૂટ આપનાર અમેરિકાને ભારતનો જવાબ

નવી દિલ્હી, તા.૭

ભારતને રશિયા પાસેથી તેલ ખરીદવાની છૂટ આપનારાં અમેરિકાને ભારતે કરારો પલટવાર કર્યો છે. શનિવારે ભારત સરકારે સ્પષ્ટ કરી દીધું છે કે રશિયન તેલ ખરીદવા માટે અમારે કોઈની મંજૂરીની જરૂર નથી. અમે રશિયામાંથી ક્રૂડ ખરીદવું ચાલુ જ રાખીશું.

ઈરાન ઉપર અમેરિકા ઈઝરાયલે કરેલા હુમલાએ વર્લ્ડ એનર્જી સેકટરમાં ઉથળ પાથલ કરી નાખી છે. તેથી દુનિયાભરમાં તેલની કિંમતમાં તેજી આવી છે. સ્ટ્રેઈટ્સ ઓફ હોર્મુઝથી જહાજો પસાર ન થવા દેવાની ઈરાનની ધમકી પછી ક્રૂડ તેલના ભાવમાં ઉછાળો શરૂ થઈ ગયો છે.

ભારત સરકારનાં પ્રેસ ઈન્ફર્મેશન બ્યુરોએ એક નિવેદન પ્રસિધ્ધ કરી જણાવ્યું છે કે નવી દિલ્હી, આવી શોર્ટ ટર્મ છૂટ ઉપર નિર્ભર નથી. ભારતે ફેબ્રુઆરી ૨૦૨૬માં પણ રશિયામાંથી તેલ આયાત કર્યું હતું અને આયાત કરી પણ રહ્યું છે. રશિયા અત્યારે પણ ભારતનું સૌથી મોટું ક્રૂડ સપ્લાયર છે. વોશિંગ્ટને ફેબ્રુઆરીમાં એક અંતરિમ ટ્રેડ ડીલ નીચે ભારતના આયાતી માલ ઉપર લાદેલી ૫૦ ટકા ટેરિફમાંથી ૨૫ ટકા ટેરિફ પાછી ખેંચી હતી. તે માટે કારણ આપ્યું હતું કે ભારતે રશિયા પાસેથી તેલ નહીં ખરીદવા વચન આપ્યું છે. પરંતુ વાસ્તવમાં ભારતે તેવું કોઈ કમીટમેન્ટ આપ્યું જ ન હતું.



ભારતે તે સાથે આગળ જણાવ્યું હતું કે ટૂંકા સમય પૂરતી રૂકાવટ થઈ જાય. તો તેને પહોંચી વળવા ભારત પાસે ૨૫૦ મિલિયન બેરલથી વધુ ક્રૂડ અને પેટ્રોલિયમ પ્રોડક્ટનો સ્ટોક છે.

જો કે ભારતે શનિવારે રાંધણગેસના સીલીન્ડર દીઠ ભાવમાં રૂા. ૬૦નો વધારો કર્યો છે. કોમર્શિયલ સીલીન્ડરના ભાવમાં પણ ઘણો મોટો વધારો કર્યો છે.

દુનિયાભરમાં ક્રૂડ ૮.૫ ટકા વધ્યું છે. પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે ઈરાન બિન શરતીય શરણાગતિ સ્વીકારે તો જ મિડલ ઈસ્ટ યુદ્ધ બંધ થશે. આ સપ્તાહે યુદ્ધ વિસ્તરવાની શક્યતા ૩૦ ટકા જેટલી વધી છે.

### પંપો પર ભીડ ના કરવા અને અફવાથી દુર રહેવા સરકરની તાકીદ

## પેટ્રોલ-ડીઝલના ભાવ નહિ વધે

નવી દિલ્હી, તા.૭

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા ઉથલપાથલ વચ્ચે સમગ્ર દુનિયા તેલ સંકટથી જજૂમી છે, ત્યારે ભારતમાં સામાન્ય નાગરિકો માટે રાહતના સમાચાર છે. મિડલ ઈસ્ટમાં વધી રહેલા તણાવ અને હોર્મુઝ સ્ટ્રેટમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે દેશના લાખો વાહનચાલકો ચિંતામાં હતા કે શું પેટ્રોલ વધુ મોંઘુ થશે? જોકે, સરકારી સૂત્રોએ આ વાતને સંપૂર્ણપણે ફગાવી દીધી છે.





સરકારી સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, સરકારે સ્પષ્ટપણે કહ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થશે નહીં. સરકાર તરફથી મળેલી નવીનતમ માહિતી અનુસાર, દેશના તેલના ભંડાર સુરક્ષિત છે અને પરિસ્થિતિ દિવસેને દિવસે સુધરી રહી છે. આ ખાતરી દર્શાવે છે કે સરકાર આગામી દિવસોમાં ઇંધણના ભાવ અંગે સતર્ક છે.

માત્ર મૌખિક ખાતરીઓ જ નહીં ભારતે તેની તેલ સુરક્ષાને મજબૂત બનાવવા માટે જમીન પર પણ નોંધપાત્ર પ્રગતિ કરી છે. ભારતે હોર્મુઝ સ્ટ્રેટ પરની નિર્ભરતા ઘટાડવા માટે તેની વ્યૂહરચના બદલી છે. અગાઉ, ભારત તેની કુલ ક્રૂડ ઓઇલની જરૂરિયાતોના ૬૦% હોર્મુઝ સ્ટ્રેટ સિવાયના સ્ત્રોતોમાંથી આયાત કરતું હતું, જે હવે વધારીને ૭૦% કરવામાં આવ્યું છે. આનો અર્થ એ થયો કે આપણે હોર્મુઝ સ્ટ્રેટના જોખમોથી આપણી તેલ પુરવઠા શૃંખલાને ૧૦% વધુ સુરક્ષિત કરી છે. સરકારે એલપીજીના ભાવ અંગે કોંગ્રેસના આરોપોનો જવાબ આપ્યો છે. સરકાર જણાવે છે કે એલપીજી અંગેના દાવા સંપૂર્ણપણે પાયાવિહોણા છે. અમારું નિવેદન ફક્ત પેટ્રોલ અને ડીઝલ વિશે હતું. આજે, અમે ખાતરી આપીએ છીએ કે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ વધારો થશે નહીં. ભારત હોર્મુઝમાં થયેલા વિકાસ પર નજીકથી નજર રાખી રહ્યું છે. સરકાર દ્વારા તેલ આયાત વિકલ્પોના વિસ્તરણનો સ્પષ્ટ સંકેત છે કે ભવિષ્યમાં ઇંધણ પુરવઠો સરળ રહેશે. ગભરાવાની અને પેટ્રોલ પંપો પર ભીડ કરવાની જરૂર નથી.

## બંગાળમાં રાષ્ટ્રપતિનું અપમાન : મોદી

### મમતા બેનર્જી પર વડાપ્રધાનના આકરા પ્રહાર, કહ્યું કે TMCએ પાર કરી તમામ હદ



નવી દિલ્હી, તા.૭

રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ શનિવારે(૭ માર્ચ, ૨૦૨૬) આદિવાસી સમુદાય માટેના એક કાર્યક્રમમાં હાજરી આપવા માટે પશ્ચિમ બંગાળ પહોંચ્યા હતા, ત્યારે મુખ્યમંત્રી મમતા બેનર્જી તેમનું સ્વાગત કરવા એરપોર્ટ પર પહોંચ્યા ન હતા. આ મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઝખઈ સરકારની ટીકા કરી હતી. રાષ્ટ્રપતિના પ્રોટોકોલનો ઉલ્લેખ કરતા ઝ્ખએ કહ્યું કે, 'રાષ્ટ્રપતિનું અપમાન કરીને ઝખઈએ તમામ હદ પાર કરી...'

વડાપ્રધાન મોદીએ ડ પર પોસ્ટ કરી જણાવ્યું કે, ''પશ્ચિમ બંગાળમાં ઝખઈએ સરકારે તમામ હદ પાર કરી દીધી છે. રાષ્ટ્રપતિના આ અપમાન માટે તેમનું વહીવટતંત્ર જવાબદાર છે. એ પણ એટલું જ દુર્ભાગ્યપૂર્ણ છે કે પશ્ચિમ બંગાળ સરકાર સંથાલ સંસ્કૃતિ જેવા મહત્ત્વપૂર્ણ મુદ્દાને આટલી બેદરકારીથી લઈ રહી છે. રાષ્ટ્રપતિનું પદ રાજકારણથી ઉપર છે, અને તેની ગરિમાનું હંમેશા સન્માન કરવું જોઈએ.''

રાષ્ટ્રપતિ મૂર્મુએ પશ્ચિમ બંગાળના દાર્જિલિંગ જિલ્લાના સિલિગુડીના બિધાનનગરમાં નવમા આંતરરાષ્ટ્રીય સંથાલ સંમેલનનું ઉદઘાટન કર્યું અને સંથાલ બાળકો માટે શિક્ષણની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમનો કાર્યક્રમ મૂળ રીતે અલગ સ્થળે યોજાવાનો હતો, પરંતુ બાદમાં વહીવટીતંત્રે સ્થળ બદલી નાખ્યું હતું. રાષ્ટ્રપતિએ આ અંગે નારાજગી વ્યક્ત કરી છે.

રાષ્ટ્રપતિ કહ્યું કે, ''જો સંમેલન પહેલાથી નક્કી કરેલા સ્થળે યોજાયું હોત તો સારું થાત, કારણ કે તે મોટું હતું અને વધુ લોકોને હાજરી આપી શકત. મને ખબર નથી કે વહીવટીતંત્રના મનમાં શું ચાલી રહ્યું હતું કે તેમણે સંમેલન માટે એવું સ્થાન પસંદ કર્યું જે સંથાલ લોકો માટે અગમ્ય છે. મને ખૂબ જ દુઃખ છે કે અહીંના લોકો સંમેલનમાં હાજરી આપી શક્યા ન હતા. કારણ કે તે ખૂબ દૂર યોજાયું હતું.''

તેમણે વધુમાં કહ્યું, ''કદાચ વહીવટીતંત્રને આશા હતી કે અહીં કોઈ નહીં આવે અને રાષ્ટ્રપતિ ચાલ્યા જશે. જો રાષ્ટ્રપતિ કોઈ સ્થળની મુલાકાત લે છે, તો મુખ્યમંત્રી અને મંત્રીઓએ પણ આવવું જોઈએ. પરંતુ તેઓ આવ્યા ન હતા. હું પણ બંગાળની દીકરી છું. મમતા દીદી પણ મારી નાની બહેન છે. મને ખબર નથી કે તે મારાથી ગુસ્સે હતી કે નહીં, જેના કારણે આવું થયું.''

## ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે T-20 વર્લ્ડકપની ફાઈનલ મેચ

### ચુસ્ત બંદોબસ્ત માટે નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં બે હજાર પોલીસ તૈનાત : રોમાંચક મેચ નિહાળવા ઉમટશે ઘોડાપુર



અમદાવાદ, તા.૭

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ૮ માર્ચ, ૨૦૨૬ના રોજ ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે રમાનારી T20 વર્લ્ડ કપની ફાઇનલ મેચને લઈને સમગ્ર શહેરમાં ભારે ઉત્સાહ છે. ૧ લાખથી વધુ પ્રેક્ષકો અને અનેક VIP મહેમાનોની સુરક્ષિત અવરજવર માટે અમદાવાદ પોલીસ અને વહીવટી તંત્ર ચુસ્ત ટ્રાફિક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ફાઇનલ મેચને લઈને સ્ટેડિયમ ખાતે પોલીસ દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જુઓ પોલીસ કમિશનરે શું કહ્યું?

ભારત અને ન્યૂઝીલેન્ડની T20 વર્લ્ડ કપની ફાઇનલ મેચને લઈને નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં સુરક્ષા હેતુ પોલીસ અધિકારી-કર્મીની ટીમ તૈનાત રહેશે. જેમાં 8-DCP, 14-ACP સહિત ૨૭ PI, 91 PSI, ૧૮૦૦ પોલીસકર્મીની ટીમ બંદોબસ્તમાં રહેશે. આ સાથે સ્ટેડિયમમાં બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડ(BDDS) અને નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ(NDRF)ની ટીમ પણ ઉપસ્થિત રહેશે. શંકાસ્પદ ગતિવિધિ અને સુરક્ષાને લઈને સ્ટેડિયમ ખાતે ૨૫૬ સીસીટીવી કેમેરા અને ૧૦૨ ડોર ફ્રેમ મેટલ ડીટેક્ટરથી પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવશે. આ ઉપરાંત, ટ્રાફિક સંચાલન માટે ૭૪૪ અધિકારી-કર્મીઓ, TRB અને હોમગાર્ડ તૈનાત રહેશે. જેમાં 1 JCP, 3 DCP, 4 ACP, 11 PI, 25 PSI ખડેપગે રહેશે.

સમીક્ષા બાદ અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિકે જણાવ્યું હતું કે, ઝ૨૦ વર્લ્ડ કપની ફાઇનલ મેચને લઈને પોલીસ તરફથી તમામ તૈયારીઓ કરવામાં આવી છે. પ્રથમવાર ગેટ નંબર એક પર હોલ્ડિંગ એરિયા રાખવામાં આવ્યો છે. સ્ટેડિયમમાં ૧ લાખ ૧૦ હજારથી વધુ લોકો આવવાની શક્યતાઓ છે. ટ્રાફિક મામલે પોલીસ કમિશનર જણાવ્યું કે, ફાઇનલ મેચ જોવા આવનારા લોકોને પોલીસે અપીલ કરી છે કે, દર્શકો પોતાના વાહનોના બદલે પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીને સ્ટેડિયમ પહોંચે. સ્ટેડિયમ આવાગમન માટે મોડા સુધી બસો અને મેટ્રો ચાલુ રહેશે. આ ઉપરાંત, ટિકિટોની કાળા બજારી કરતાં લોકો સામે પોલીસ કાર્યવાહી ચાલી રહી હોવાનું પોલીસ કમિશનરે જણાવ્યું હતું.

**કયા રસ્તાઓ રહેશે બંધ?**

મેચ દરમિયાન સ્ટેડિયમની આસપાસના વિસ્તારોમાં ટ્રાફિક જામ ન થાય તે માટે પોલીસ કમિશનર દ્વારા જાહેરનામું બહાર પાડી કેટલાક રસ્તાઓ 'નો એન્ટ્રી' ઝોન જાહેર કરવામાં આવ્યા છે. જનપથ ટી-જંક્શનથી મોટેરા સ્ટેડિયમ મેઇન ગેટ થઈ કૃપા રેસિડન્સી અને ત્યાંથી મોટેરા ગામ સુધીનો માર્ગ વાહનોની અવરજવર માટે રવિવારે સવારે ૧૦:૦૦ વાગ્યાથી મોડી રાત્રે ૦૨:૦૦ વાગ્યા સુધી સંપૂર્ણપણે બંધ રહેશે.સ્ટેડિયમ તરફ જતા રસ્તા બંધ હોવાથી વાહનચાલકો તપોવન સર્કલ અને વિસત જંક્શનથી જનપથ થઈને પાવર હાઉસ તરફ જઈ શકાશે. પ્રબોધ રાવળ સર્કલથી કૃપા રેસિડન્સી થઈને ભાટ-કોટેશ્વર રોડ અથવા એપોલો સર્કલ તરફ અવરજવર કરી શકાશે.

### રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ

# પીવાના પાણીનો પર્યાપ્ત જથ્થો ઉપલબ્ધ : ઈશ્વરસિંહ

## સરદાર સરોવરમાં ૭૪ ટકાથી વધુ પાણીનો સંગ્રહ : રાજ્યમાં સૌથી વધુ ૨.૩૪ લાખ MCFT પાણીનો જથ્થો દક્ષિણ ગુજરાતના જળાશયોમાં : ગત વર્ષે માર્ચ ૨૦૨૫ કરતા આ વખતે રાજ્યમાં ૪.૧૫ ટકા વધુ પાણીનો જથ્થો ઉપલબ્ધ



ગાંધીનગર, તા.૭

ગુજરાતમાં ચાલુ વર્ષે ચોમાસામાં સાવાર્ત્રિક અને ભારે વરસાદના પરિણામે રાજ્યના મુખ્ય જળાશયો એટલે કે ડેમમાં પૂરતા પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને જળ સંપત્તિ - પાણી પુરવઠા મંત્રી ઈશ્વરસિંહ પટેલના નેતૃત્વમાં પાણી સંચય અંગેના સુચારૂ વ્યવસ્થાપન થકી રાજ્યમાં દિન-પ્રતિદિન પીવાના અને સિંચાઈ માટેના પાણીની ઉપલબ્ધતા વધી રહી છે.

રાજ્યમાં ચાલુ વર્ષે ચોમાસામાં સરેરાશ ૧૨૮ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેના પરિણામ સ્વરૂપે તા. ૦૫ માર્ચ ૨૦૨૬ની સ્થિતિએ રાજ્યના મુખ્ય જળાશયોમાં સંગ્રહાયેલ કુલ પાણીનો જથ્થો ૬.૪૬ લાખ મિલિયન ક્યુબિક ફીટ-MCFT એટલે કે, કુલ પાણીનો જથ્થો ૭૨ ટકાથી વધુ છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં વિસ્તારવાર એકંદરે રાજ્યમાં ૪.૧૫ ટકા જેટલો વધારે જ્યારે સરદાર સરોવર જળાશયમાં પણ ગત વર્ષની સાપેક્ષમાં ૧.૬૩ ટકા વધારે પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. જેથી રાજ્યમાં આગામી ઉનાળામાં પૂરતા પ્રમાણમાં પીવાનું પાણી મળી રહેશે તેમ,જળ સંપત્તિ વિભાગ દ્વારા જણાવાયું છે.

વધુમાં ગુજરાત જીવાદોરી સમાન સરદાર સરોવર યોજનામાં હાલની સ્થિતિએ ૭૪ ટકાથી વધુ એટલે કે ૨.૪૭ લાખ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો છે. રાજ્યમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાતમાં ૨.૩૪ લાખથી વધુ MCFT પાણીનો જથ્થો જળાશયોમાં સચવાયો છે. આ સિવાય મધ્ય ગુજરાતમાં ૬૫,૧૭૯ MCFT, ઉત્તર ગુજરાતમાં ૪૧,૮૪૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. સૌરાષ્ટ્રમાં ૫૩,૬૨૧ અને કચ્છ વિસ્તારમાં ૪,૩૯૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે. આમ રાજ્યમાં કુલ ૬,૪૬,૫૫૬ MCFT એટલે કે ૭૨.૪૯ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયેલ છે.

જ્યારે ગત વર્ષની સરખામણીએ તા. ૫ માર્ચ, ૨૦૨૫ સ્થિતિએ રાજ્યમાં વિસ્તારવાર ઉત્તર ગુજરાતમાં ૨૭,૮૪૭ MCFT, મધ્ય ગુજરાતમાં ૫૭,૮૮૨ MCFT, દક્ષિણ ગુજરાતમાં ૨,૨૪,૧૮૨ MCFT, સૌરાષ્ટ્રમાં ૫૨,૨૬૪ MCFT અને કચ્છ વિસ્તારમાં ૫,૩૩૨ MCFT પાણીનો જથ્થો સંગ્રહાયેલો હતો. આ ઉપરાંત સરદાર સરોવર જળાશયમાં ૨,૪૧,૯૫૨ MCFT એટેલ કે ૭૨.૪૨ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો. આમ રાજ્યમાં ગત વર્ષે કુલ ૬,૦૯,૪૫૯ ખઈઋઝ એટલે કે ૬૮.૩૪ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ હતો તેમ યાદીમાં જણાવાયું છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં સૌથી વધુ સૌરાષ્ટ્રમાં ૧૪૧ જળાશયો, ઉત્તર ગુજરાતમાં ૧૫, મધ્ય ગુજરાતમાં ૧૭, દક્ષિણ ગુજરાતમાં ૧૩, કચ્છમાં ૨૦ તેમજ સરદાર સરોવર સહિત ગુજરાતમાં કુલ ૨૦૭ જળાશયો-ડેમ આવેલા છે.

# સિટી ઈજનેરો સહિતની મહત્વની નિમણૂંકો અટકી

### લાંબા સમયથી સિટી ઈજનેરો, આઈ. ટી. ડિરેક્ટર અને ડે. સેક્રેટરીના ઈન્ટરવ્યુ લેવાઈ ગયા બાદ આંતરિક હુંસાતુંસી અને જૂથવાદને કારણે અટકેલી નિમણૂંકો હવે ચૂંટણી બાદ થશે કે ફરીથી એકડો ઘૂંટાશે ?

રાજકોટ, તા. ૭

રાજકોટ મહાનગરપાલિકાના વર્તમાન શાસકોનો કાર્યકાળ આગામી સપ્તાહે તા.૧૧મી માર્ચે પુરો થઇ રહ્યો છે. તે પહેલા તા. ૧૦મીએ મળનારી જનરલ બોર્ડની ખાસ બેઠક મળી રહી છે વર્તમાન શાસકો ખાસ જનરલ બોર્ડમાં આ માટે અરજન્ટ બીઝનેસ દરખાસ્ત કરી શકે છે પણ, જતાં જતાં કોઇ વિવાદ ઉભો ન થાય તે માટે વર્તમાન શાસકો ચૂંટણી બાદ હોદ્દો સંભાળનારા શાસકો પર જવાબદારી ઢોળી દેશે તેવું માનવામાં આવે છે.

આ કારણે લાંબા સમયથી અટકેલી સિટી ઈજનેરો, આઇ.ટી. ડાયરેક્ટર અને ડે. સેક્રેટરીની અટકી પડેલી નિમણુંકોનુ કોકડું વધુ ગુચવાયુ છે. જો આગામી ટર્મમા સત્તા સંભાળનારા પદાધિકારીઓ તમામ નિમણૂક રદ કરે તો ફરીથી એકડો ઘૂંટવો પડે તેવી સ્થિતિ ઉભી થશે ઉલ્લેખનીય છે કે કેટલાંક વર્તમાન પદાધિકારીઓ દ્વારા પોતાના માનીતા અને ચાહિતા સિટી ઈજનેરો, આઈ.ટી. ડાયરેક્ટર અને ડે. સેક્રેટરીની નિમણુંકની કામગીરી જતાં પહેલાં જ પુરી કરવા માટે સતત પ્રયત્નશીલ હોવાનું અને આ માટે મેયર ઉપર દબાણ લાવવામાં આવી રહ્યાની ચર્ચા



મહાનગરપાલિકાના વર્તુળોમાં સાંભળવા મળી રહી છે. ત્યારે મેયર દ્વારા શું નિર્ણય લેવાય છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

રાજકોટ મહાનગરપાલિકાના વર્તમાન શાસકોનો કાર્યકાળ આગામી સપ્તાહે તા.૧૧મીએ પુરો થઇ રહ્યો છે. એ પહેલા તા. ૧૦મીએ જનરલ બોર્ડની ખાસ બેઠક મળનાર છે. બીજી બાજું મહાનગરપાલિકામાં લાંબા સમયથી ખાલી પડેલી સિટી ઇજનેરોની પાંચ જગ્યા, આઈ.ટી. ડાયરેક્ટરની એક જગ્યા અને ડે. સેક્રેટરીની એક જગ્યા માટે લાંબા સમયથી ઇન્ટરવ્યુ અને

પસંદગી સહિતની વહિવટી પ્રક્રિયા કમિશનર દ્વારા પુર્ણ કરીને અને લાયકાત ધરાવતા ઉમેદવારોના નામો પસંદ કરીને ઓફિસર્સ સિલેક્શન કમિટીને આખરી નિર્ણય માટે ફાઇલ મોકલી દીધી છે. પણ, સિટી ઇજનેરની જગ્યા માટે મોટો આર્થિક વહિવટ થયાની ચર્ચાને પગલે સ્પેશ્યલ સિટી ઈજનેર સહિતની તમામ હોદ્દાઓની નિમણુંકો માટે હજી સુધી ઓફિસર્સ સિલેક્શન કમિટીની બેઠક મળી નથી. જો સોમવારે કે જનરલ બોર્ડની ખાસ બેઠક પહેલા ઓફિસર્સ સિલેક્શન કમિટીની બેઠક મળે અને પોતાના માનિતા અને ચાહિતા ઈજનેરો કે અન્ય પોસ્ટ માટે પસંદગી કરવામાં આવે તો પણ વિવાદ થાય તેમ છે. ઉલ્લેખનીય છે કે, ઓફિસર્સ સિલેક્શન કમિટીના અધ્યક્ષ તરીકે મેયર છે. અને અરજન્ટ બીઝનેસ દરખાસ્ત પણ જનરલ બોર્ડના અધ્યક્ષના હોદ્દાની રૂએ મેયર જ કરી શકે તેમ છે. આવા સંજોગોમાં હોદ્દો છોડતાં પહેલા મેયર કોઈ વિવાદાસ્પદ નિર્ણય લેવાનું ટાળશે એ વાત પણ નિશ્ચિત માનવામાં આવી રહી છે. જો વર્તમાન શાસકો દ્વારા આ નિમણુંકો નહીં થાય તો ચૂંટણી બાદ કાર્યભાર સંભાળનારા નવ નિયુક્ત પદાધિકારીઓ દ્વારા જુની ભરતી પ્રક્રિયા રદ કરે અને નવેસરથી ભરતી માટેની કાર્યવાહી કરવાનો આદેશ કરી શકે છે.

### નાણાંકિય વર્ષ પુરું થવામાં હવે બાવીસ દિવસ બાકી છે ત્યારે અગિયાર મહિનામાં માત્ર રૂ. ૩૮૯. ૨૯ કરોડની વસૂલાત

# મનપાને ટેક્સ ટાર્ગેટ પૂરો કરવા આડે હજુ ૬૨.૭૧ કરોડ છેટું

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકાની આર્થિક કરોડરજ્જુ જેવા મિલકત વેરા અને પાણી વેરાના કુલ રૂપિયા ૪૫૨ કરોડના લક્ષ્યાંક સામે મહાનગરપાલિકાને નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તા.૧ એપ્રિલ ૨૦૨૫ થી તા.૦૭ માર્ચ ૨૦૨૬ સુધીના ૧૧ મહિનામાં કુલ રૂ. ૩૮૯.૨૯ કરોડની આવક થઇ છે. હવે નાણાંકિય વર્ષ પુરું થવા આડે બાવીસ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ટેક્સ બ્રાંચને લક્ષ્યાંક પૂરો કરવા રૂપિયા ૬૨. ૭૧ કરોડનો વેરો વસૂલવો પડે તેમ છે. રાજકોટ મહાનગરપાલિકાની વેરા-વસુલાત શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ માટે વેરાની વસુલાત કરવા માટેની ઝુંબેશ કાર્યરત છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નોન રેસિડન્સ, રેસિડન્સ, કોમર્શીયલ, સરકારી મિલકત જેવી મિલકતોનો વેરો બાકી હોય તો તેમને વેરા-બિલથી મિલકતવેરો ભરપાઈ કરવાની જાણ કરવામાં આવે છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ચાલુ વર્ષ ૨૦૨૫-૨૬માં વ્યાજ માફીની સ્કીમ લાવવામાં આવી છે. જેમાં જો બાકી મિલકતવેરાની સંપૂર્ણ ભરપાઈ કરવામાં આવે તો મિલકત વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ તથા પાણીના વેરાના વ્યાજ પર રૂ.૫૦૦૦ એમ કુલ રૂ.૧૦,૦૦૦ નું ડિસ્કાઉન્ટ મળવા પાત્ર થાય છે. આ યોજનાનો લાભ નાગરિકો તા.૩૧ માર્ચ સુધી લઈ શકે છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા હાલ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન તા.૧ એપ્રિલ ૨૦૨૫ થી તા.૭ માર્ચ ૨૦૨૬ સુધી કુલ રૂ. ૩૮૯.૨૯ કરોડની વસુલાત થઈ છે. આ વસુલાતમાં સરકારી વિભાગો દ્વારા તેમના હસ્તકની મિલકતોના મિલકત વેરા અને પાણી ચાજીર્સ ચુકવવામાં આવ્યા છે. જેમાં ફેબ્રુઆરી માસમાં ગર્વનમેન્ટ ઓફ એન્જીનીયરીંગ કોલેજ દ્વારા રૂ.૫૮.૬૧ લાખ, પી.જી.વી.સી.એલ દ્વારા રૂ.૪૫.૩૭ લાખ, સ્પોર્ટ્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૩૦.૯૫ લાખ, જૂની કોર્ટ દ્વારા રૂ.૧૭.૩૬ લાખ, યાંત્રિક ભવન દ્વારા રૂ.૧૧.૦૦ લાખ, નાયબ નિયામક કચેરી દ્વારા રૂ.૧૪.૧૮ લાખ, મામલતદાર કચેરી દક્ષિણ દ્વારા રૂ.૬.૪૩ લાખ, પી.ડબલ્યુ.ડી દ્વારા રૂ.૬૫.૪૭ લાખ, ઈન્કમ ટેક્સ ડીપાર્ટમેન્ટ દ્વારા રૂ.૨૭.૮૨ લાખ, આમ અંદાજે રૂ.૨.૪૯ કરોડ જેટલી રકમ ચુકવાઈ છે જ્યારે ચાલુ માર્ચ મહિનામાં સિવિલ હોસ્પિટલ દ્વારા રૂ.૭૪.૬૫ લાખ, જી.એમ.એસ.સી.એલ દ્વારા રૂ.૪.૮૫ લાખ, પોસ્ટલ ડેપો દ્વારા રૂ.૧૭.૨૨ લાખ, સેન્ટ્રલ જી.એસ.ટી કચેરી દ્વારા રૂ.૧૭.૬૫ લાખ મળીને કુલ રૂ.૧.૧૪ કરોડ જેટલી રકમ ચુકવવામાં આવી છે.

# ૧૨૬ કરોડના વિકાસકામોના ઈ-લોકાર્પણ-ખાતમુહૂર્ત કરતા CM

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યના ૭૩ આદિવાસી ગામોની ૫૩ હજાર ૫૦૦ એકરથી વધુ જમીનને લિફ્ટ ઈરીગેશન સુવિધાનો લાભ



ગાંધીનગર, તા.૭

વિકસિત ભારત૨૦૪૭ના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પને સાકાર કરવા માટે વિકસિત ગુજરાતના નિર્માણમાં આદિજાતિ વિસ્તારોને વિકાસની લીડ લેવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રેરક આહવાન કર્યું છે.

મુખ્યમંત્રીએ દક્ષિણ ગુજરાતના સુરત જિલ્લાના આદિવાસી વિસ્તાર ઉમરપાડા અને નર્મદા જિલ્લાના ડેડીયાપાડા તાલુકાના ૭૩ આદિજાતિ ગામોની ૫૩,૭૫૦ એકર જમીનને સિંચાઈ સુવિધા આપતી તાપી-કરજણ લિંક પાઇપલાઇન ઉદવહન સિંચાઈ યોજનાના લોકાર્પણ પ્રસંગે આ આહવાન કર્યું હતું.

ઉકાઈ જળાશય યોજના આધારિત આ ઉદવહન સિંચાઈ યોજના રૂ.૬૫૧.૦૮ કરોડના ખર્ચે નિર્માણ થઈ છે તેના લોકાર્પણ સાથે મુખ્યમંત્રીએ રૂ. ૨૦૮.૫૧ કરોડના ખર્ચે થનારા આ યોજનાના એક્સટેન્શન કાર્યનું ભૂમિપૂજન પણ ઈ-તકતી અનાવરણથી કર્યું હતું. આ એક્સટેન્શન યોજના પૂર્ણ થવાથી ઉમરપાડા તાલુકાના ૨૯ ગામોની ૧૯,૧૪૧ એકર જમીનને સિંચાઈનો લાભ મળતો થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાણામંત્રી કનુભાઈ દેસાઈ, આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા રાજ્યમંત્રી ઇશ્વરસિંહ પટેલ અને સાંસદઓની ઉપસ્થિતિમાં સુરત જિલ્લામાં ૧૨૬ કરોડ રૂપિયાના ૧૨ જેટલા વિકાસકામના લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યા હતા. તેમણે વન અધિકાર નિયમ હેઠળ આદિજાતિ લાભાર્થીઓને સનદ વિતરણ, પીએમએવાય આવાસ, ગોડાઉન સહાય અને ટ્રેક્ટર સહાયનું પણ લાભાર્થીઓને વિતરણ કર્યું હતું

મુખ્યમંત્રીએ આ અવસરે જણાવ્યું કે, નાનામાં નાના અને છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવવા વિકાસની રાજનીતિનો યુગ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયો છે. વિકાસની દરેક યોજનાના કેન્દ્રમાં તેમણે નાના માનવીના હિતોને પ્રાથમિક્તા આપી છે.

સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદાના ડેડિયાપાડાના ગામોમા તો ઉકાઈ જળાશય યોજના આધારિત આ ઉદવહન સિંચાઈ યોજનામાં ૮૭ માળ જેટલી ઉંચાઈએથી પાણી પાઈપલાઈન દ્વારા લિફ્ટ કરીને આદિવાસી વિસ્તારોને સિંચાઈ માટે પુરું પાડવાનું ઈજનેરી કૌશલ્યયુક્ત આયોજન પણ વડાપ્રધાનની વિઝનરી લીડરશીપથી પાર પડ્યું છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિવાસી બેલ્ટમાં શિક્ષણ, આરોગ્ય, રોડ-ઇન્ફ્રાસ્ટ્રક્ચર, આવાસ, વીજળી અને પાણી જેવી સુવિધાઓ સરળતાથી પહોંચાડવા વડાપ્રધાનએ શરૂ કરાવેલી વનબંધુ કલ્યાણ યોજના ખૂબ જ ઉપકારક સાબિત થઈ છે તેનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.

એટલું જ નહિ, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ જનજાતીય ગૌરવ દિવસે ગુજરાતના આદિવાસી વિસ્તારોના સર્વગ્રાહી વિકાસ માટે પાંચ વર્ષ માટે રૂ. ૨ લાખ કરોડની 'જનજાતીય કલ્યાણ યોજના'ની ભેટ આપી છે તેની તેમણે વિસ્તૃત છણાવટ કરી હતી. વાર્ષિક રૂ. ૩૫,૦૦૦ કરોડની જોગવાઈ સાથે શિક્ષણ, સ્વાસ્થ્ય, રોડ-રસ્તા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોને આનાથી વધુ વેગ મળશે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીએ કહ્યું કે, વિકાસની રાજનીતિના વડાપ્રધાનના અભિગમથી આદિવાસી ક્ષેત્રમાં વિકાસ અને સમૃદ્ધિના દ્વાર ખૂલ્યા છે. આદિવાસી વિસ્તારોમાં સાયન્સ સ્કૂલ-કોલેજો અને મેડિકલ કોલેજો શરૂ થવાથી આજે આદિવાસી દીકરા-દીકરીઓ એન્જિનિયર અને ડોક્ટર બની રહ્યા છે. પાયલટ બનવા માટે પણ સરકાર રૂ. ૨૫ લાખ સુધીની લોન સહાય આપી રહી છે, તેનો લાભ લઈને આદિવાસી યુવાનો આસમાન સર કરી રહ્યા છે. 'વિકાસ ભી, વિરાસત ભી'ના ધ્યેય સાથે વિકાસકામોની સાથોસાથ દેશના ઈતિહાસ અને સંસ્કૃતિને ઉજાગર કરવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કરી રહ્યા છે એમ જણાવી મુખ્યમંત્રીએ રામ મંદિરના નિર્માણથી લઈને પાવાગઢના શિખર પર ધ્વજારોહણ સુધીના સાંસ્કૃતિક પૂનઃ જાગરણની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીએ પોતાના પ્રવચનની શરૂઆત રાજ્યના પૂર્વ મંત્રી અને ઉમરેઠના ધારાસભ્ય સ્વ. ગોવિંદભાઈ પરમારને શ્રદ્ધાંજલિ પાઠવીને કરી હતી.

આ પ્રસંગે આદિજાતિ વિકાસમંત્રી નરેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે દુર્ગમ વિસ્તારોમાં પણ સિંચાઈ સુવિધા પૂરી પાડવાનું બીડું ઝડપ્યું છે. અમારી સરકાર 'નળ સે જલ' થી લઈને 'ખેતર સુધી જળ' પહોંચાડવા માટે કટિબદ્ધ છે. ભૂતકાળમાં જે વિસ્તારોને નસીબને ભરોસે છોડી દેવાયા હતા, ત્યાં આજે ઈજનેરી કૌશલ્યથી આપણે લિફ્ટ ઈરીગેશન- પાણીને ઉદ્વહન કરીને પહોંચાડી રહ્યા છીએ. જ્યારે ખેડૂતના ખેતરમાં બારેમાસ પાણી હશે, ત્યારે જ તે સમૃદ્ધ થશે અને તેનો લાભ રાજ્યના અર્થતંત્રને થશે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દેવમોગરા અને શબરીધામ જેવા ધાર્મિક સ્થળોના વિકાસ માટે પણ સરકાર પ્રતિબદ્ધ છે. આદિવાસી સમાજની દિકરીઓ હવે ઉચ્ચ શિક્ષણ મેળવી રહી છે. ભગવાન બિરસા મુંડાના નામે દરેક તાલુકામાં લાઇબ્રેરી સ્થાપવાની દિશામાં સરકાર કાર્ય કરી રહી છે. પાણી પૂરવઠા, જળસંપત્તિ રાજ્ય મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું કે, ઉમરપાડા અને ડેડીયાપાડા તાલુકાના ગામો ઊંચાઈમાં હોવાથી બમણો વરસાદ થવાં છતાં પણ શિયાળુ અને ઉનાળુ પાકો લેવા માટે પાણી વિના ખેડૂતો તરસતાં હતા. પરિશ્રમ અને નક્કર આયોજન સાથે પાણીને લિફ્ટ કરી આ વિસ્તારોની વર્ષો જૂની સિંચાઈની સમસ્યા ઉકેલવામાં આવી છે.

મંત્રીએ કહ્યું હતું કે, રાજ્ય સરકારે ૧૪,૭૫૬ નાના ચેકડેમો બનાવી ૧.૫૨ લાખ એકર જમીનને સિંચાઈનો લાભ આપ્યો છે. જ્યારે ૭૩૫ મોટા ચેકડેમ ચેકડેમ દ્વારા ૮૦,૫૦૦ એકર વિસ્તારમાં પાણી પહોંચાડાયું છે. ૩૫૦૦ તળાવો ઊંડા કરી ખેડૂતોને પાણી મળતું રહે તે માટેની વ્યવસ્થા કરી છે. પટેલે વધુમાં કહ્યું હતું કે, સોનગઢ, ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકાના અંતરિયાળ વિસ્તારો માટે રૂ.૯૧૨ કરોડની ઉદવહન પાઈપલાઈન યોજનાનું કામ પ્રગતિમાં છે. આ યોજનાના લાભથી અંદાજિત ૬૯ હજાર એકર વિસ્તાર અને ૧૪,૧૧૭ કુટુંબોને સીધો લાભ મળશે. દક્ષિણ ગુજરાતમાં વધુ વરસાદ હોવા છતાં જાન્યુઆરી મહિનાથી પાણીની તંગી વર્તાય છે, ત્યારે આ સમસ્યાના નિવારણ માટે વિવિધ નદીઓ પર આ વર્ષે રૂ.૫૨૨ કરોડ ખર્ચે અંદાજિત ૨૪૯ ચેકડેમ અને વિયર બનાવવાનું આયોજન છે, જેનાથી ૧૬,૯૯૦ એકર વિસ્તારને પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ મળશે.

સાંસદ પ્રભુભાઈ વસાવાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર હંમેશા આદિજાતિ નાગરિકો અને ખેડૂતો માટે સકારાત્મક રહી છે. આદિવાસી ખેડૂતોને પૂરતા પ્રમાણમાં સિંચાઈ સુવિધા મળવાથી વર્ષમાં અનેકવિધ પાકો, શાકભાજી, ફળફળાદિનું ઉત્પાદન શક્ય બનશે. પરિણામે ખેડૂતોના સર્વાંગી વિકાસનો માર્ગ પ્રશસ્ત થશે. ઉદ્વહન સિંચાઈ યોજનાઓ મારફતે ગામે ગામ સિંચાઈની જલસુવિધા ઉભી થવાથી ખેડૂતોની સમૃદ્ધિના દ્વાર ખુલશે

સાંસદ મનસુખભાઈ વસાવાએ પ્રાસંગિક ઉદ્બોધન કરી જણાવ્યું સિંચાઈ યોજનાના ભગીરથ કાર્ય બદલ રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા હતા. ધારાસભ્ય ગણપતસિંહ વસાવાએ જણાવ્યું કે, તાપી-કરજણ લિંક પાઈપલાઈન સિંચાઈ યોજના સાકાર થવાથી ઉમરપાડા અને ડેડીયાપાડા તાલુકાના આદિવાસી પરિવારોના આંગણે સોનાનો સૂરજ ઊગ્યો છે. આ યોજના થકી પહાડી અને જંગલ વિસ્તારના છેવાડાના ગામો સુધી સિંચાઈનું પાણી પહોંચતા આ સમગ્ર વિસ્તાર નંદનવન બનશે અને પર્યાવરણ અને સંસ્કૃતિનુ જતન કરતા આદિવાસી સમાજના આદિવાસી ખેડૂતોની ખેતીનો કાયાકલ્પ થશે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર ગરીબ અને આદિવાસીઓના સર્વાંગી વિકાસ માટે સંકલ્પબદ્ધ છે. પહાડી અને દુર્ગમ જંગલ વિસ્તારોમાં અંદાજે ૧૭ કિમી લાંબી પાઈપલાઈન નાખીને ખેતી માટે પાણી ઉપલબ્ધ કરાવાયું છે, જે ખેડૂતોની આર્થિક સમૃદ્ધિમાં મોટું યોગદાન આપશે. આ તબક્કે તેમણે શિક્ષણ ક્ષેત્રે સરકારની પ્રતિબદ્ધતા દોહરાવતા જણાવ્યું હતું કે, ઉમરપાડા તાલુકામાં સાયન્સ કોલેજના અદ્યતન ભવનના નિર્માણ માટે રૂ. ૨૭ કરોડની માતબર રકમ મંજૂર કરવામાં આવી છે. આ પ્રસંગે ધારાસભ્ય સર્વ કુંવરજીભાઈ હળપતિ, મોહનભાઇ ઢોડીયા, દર્શનાબેન દેશમુખ, મોહનભાઈ કોંકણી, સંદિપભાઈ દેસાઈ, જિ. પંચાયતના પ્રમુખ મતિ ભાવિનીબેન પટેલ, જળસંપતિ વિભાગના સચિવ પી.સી. વ્યાસ, સુરત જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી, નર્મદા સુરત જિલ્લા કલેક્ટર એસ.કે. મોદી, અગ્રણીઓ ભરત રાઠોડ, નીલ રાવ સહિત સિંચાઈ વિભાગના અધિકારીઓ, આદિજાતિ ખેડૂતો, ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા

# સરકારની લોકોને ૨૫૧ લાખના વિકાસ કાર્યોની ભેટ

## રાજ્યમાં અવિરત વિકાસથી લોકોના જીવનધોરણ સુધર્યા સાથે સુખ-સુવિધાઓ વધી : મંત્રી જીતુભાઈ વાઘાણી



રાજકોટ, તા. ૭

રાજ્યના કૃષિ, પશુપાલન, સહકાર મંત્રી અને રાજકોટના પ્રભારી મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણીએ ત્રંબા ખાતેથી રૂ. ૨૫૧ લાખના ૩૭ વિકાસ કામોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત કર્યું હતું. આ તકે તેમણે કહ્યું હતું કે, વિકાસ કાર્યોના ફળ સમાજ જીવનમાં દેખાઈ રહ્યા છે અને રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વિકાસ સતત નવી ઊંચાઈને આંબી રહ્યો છે.

મંત્રીએ કસ્તુરબા ધામ ખાતે રૂ. ૧૦૩ લાખના ખર્ચે નિર્મિત સુવિધાયુક્ત પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર જનતાને સમર્પિત કર્યું હતું. આ સાથે હડમતીયા (ગોલીડા) ખાતે રૂ. ૨૫.૧૬ લાખના ખર્ચે નિર્મિત પેટા આરોગ્ય કેન્દ્ર સહિત કુલ મળીને રૂ. ૧૮૫.૧૫ લાખના ૧૮ વિકાસ કાર્યોનું ઈ-લોકાર્પણ તેમજ રૂ. ૬૬.૪૯ લાખના ૧૯ વિકાસ કાર્યોનું ઈ-ખાતમુહૂર્ત આર.કે. યુનિવર્સિટી ખાતેથી કર્યા હતા, જેમાં આરોગ્ય, રસ્તા, સિંચાઈ, કોઝવે સહિતના વિવિધ કામોનો સમાવેશ થાય છે.

આ અવસરે ઉપસ્થિત નાગરિકોને સંબોધતાં તેમણે કહ્યું હતું કે, રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તથા વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ગામડાથી લઈને મહાનગર સુધી વિકાસ કાર્યોના લોકાર્પણ-ખાતમુહૂર્તની જે પરંપરા શરૂ કરી છે, તેના કારણે આજે એક સમયે જેની કલ્પના પણ નહોતી થઈ શકતી, એવા વિકાસ કાર્યો ધરાતલ પર સાકાર થઈ રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત રાજ્યમાં વિકાસ સતત નવી ક્ષિતિજને સ્પર્શ કરી રહ્યો છે અને વિકાસ કાર્યોની આ યાત્રા અવિરત આગળ વધતી રહેશે.

સમાજની વ્યવસ્થામાં પરિવર્તન લાવીને લોકોના જીવનમાં ગુણાત્મક બદલાવ લાવવાના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સંકલ્પનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું હતું કે, રાજ્યમાં ગ્રામીણ સ્તરથી લઈને મહાનગરોમાં અવિરત વિકાસ થઈ રહ્યો છે, તેના કારણે લોકોના જીવન ધોરણ સુધર્યા છે, સુખ-સુવિધાઓ વધી છે, સરકારી સેવાઓ અને માળખાકીય સુવિધાઓમાં પણ વધારો થયો છે. દ્રઢ ઈચ્છાશક્તિવાળા નેતૃત્વના કારણે આવું શક્ય બને છે, એમ તેમણે ઉમેર્યું હતું. રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોના હિત માટે લેવાતા વિવિધ પગલાંઓનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું હતું કે, ખેડૂતો સ્વમાન સાથે આત્મનિર્ભર બનીને પ્રગતિ કરે તે પ્રકારની વ્યવસ્થાઓ થઈ રહી છે. ખેડૂતોના હિત માટે અનેકવિધ નવી યોજનાઓ સરકાર લાવી રહી છે. આ કાર્યક્રમમાં વર્તમાન ધારાસભ્ય ભાનુબેન બાબરીયાએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આયુષ્માન કાર્ડ થકી લોકોને રૂપિયા ૧૦ લાખની સારવારની ગેરંટી મળી છે.

રાજકોટ જિલ્લા કલેક્ટર ડો. ઓમપ્રકાશે સ્વાગત પ્રવચનમાં કહ્યું હતું કે, રાજકોટ જિલ્લાના દરેક તાલુકામાં વિકાસ કાર્યો આગળ વધારવામાં આવી રહ્યા છે. ‘‘વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત‘‘ના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના સંકલ્પને સાકાર કરવા રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર શ્રેષ્ઠ યોગદાન આપશે તેવી પ્રતિબદ્ધતા તેમણે વ્યક્ત કરી હતી. રાજકોટ પ્રાંત-૨ અધિકારી આસિસ્ટન્ટ કલેક્ટર મહેક જૈને આભારવિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી પ્રવિણાબેન રંગાણી, ધારાસભ્ય શ્રી રમેશભાઈ ટીલાળા, અગ્રણી શ્રી નરેન્દ્રસિંહ જાડેજા ભરતભાઈ ડાભી કેયુરભાઈ ઢોલરીયા શૈલેષભાઈ અદાણી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનંદુ સુરેશ ગોવિંદ, જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. ફુલમાલી ઉપરાંત વિવિધ અધિકારીઓ પદાધિકારીઓ વગેરે તથા ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### લોકાર્પિત તથા ખાતમુહૂર્ત થયેલા કામોની વિગત

- લોધીકા તાલુકામાં ૧૨ કામોમાં રૂ. ૨૫.૭૫ લાખના ખર્ચે ૭ કામોનું લોકાર્પણ અને રૂ. ૧૭.૫૦ લાખના ખર્ચે ૫ નવા કામોના ખાતમુહૂર્ત.
- પડધરી તાલુકા માટેના કુલ ૧૧ કામોમાં રૂ. ૨૨.૫૦ લાખના ખર્ચે ૭ લોકાર્પણ અને રૂ. ૧૬.૯૪ લાખના ખર્ચે ૪ ખાતમુહૂર્ત.
- કોટડાસાંગાણી તાલુકામાં કુલ ૬ કામોમાં રૂ. ૮.૦૦ લાખના ખર્ચે ૨ કામોનું લોકાર્પણ અને રૂ. ૧૨.૩૦ લાખના ખર્ચે ૪ નવા કામોના ખાતમુહૂર્ત.
- રાજકોટ તાલુકામાં રૂ. ૧૯.૭૫ લાખના ખર્ચે ૬ જેટલા નવા વિકાસ કામોના ખાતમુહૂર્ત તથા આરોગ્ય વિભાગ અંતર્ગત રાજકોટમાં રૂ. ૧૨૮.૯૦ લાખના જંગી ખર્ચે ૨ મહત્વના કામોનું લોકાર્પણ.

ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યામાં ૨૫૦નો થશે વધારો : જીલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા ૧૧૯૭

# સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૧૩૦૦૦ કર્મચારીઓ ફરજ પર

રાજકોટ, તા. ૭

આગામી થોડા દિવસોમાં રાજ્યની તમામ મહાનગરપાલિકાઓ તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ યોજવામાં જઈ રહી છે જે માટે સરકાર દ્વારા તે તમામ ચૂંટણીઓ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે મળતી માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓને વેગ આપવામાં પણ આવી રહ્યો છે. હાલ જે વિગતો મળી રહી છે તેને ધ્યાને લઈ ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે ઈવીએમ મશીન ની સાથોસાથ ચૂંટણીમાં ફરજ બજાવનાર અધિકારીઓની પણ યાદી હાલ કલેકટર વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે. ત્યારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાઈ તે માટે ૧૩૦૦૦ કર્મચારીઓ હાલ ચૂંટણી ફરજમાં સહભાગી થશે.

રાજકોટ કલેકટર તંત્ર દ્વારા મ્યુનિ. કોર્પો. સહિત જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓને વેગ આપવામાં આવી રહ્યો છે. જેમાં મતદારયાદીથી લઈને મતદાન મથકોના સીમાંકન સુધીની કામગીરી હવે અંતીમ તબકકામાં પહોંચી જવા પામેલ છે. આગામી તા.૧૧ને બુધવારે સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતદારયાદીની પ્રાથમિક પ્રસિધ્ધ કરવામાં આવનાર હોય રાજકીય પક્ષોમાં કરંટ પકડાય જવા પામેલ છે.



ચૂંટણી પંચના નવા નિયમો અનુસાર સ્થાનિક સ્વરાજની આ ચૂંટણીમાં મતદાન બુધ દીઠ મતદારોની સંખ્યા મર્યાદિત કરવામાં આવી છે. અગાઉની ચૂંટણીમાં મતદાન બુથ દીઠ મતદારોની સંખ્યા ૧૫૦૦ની હતી તે હવે ઘટાડીને આ વખતથી ૧૨૦૦ કરવામાં આવી છે. જેના પગલે રાજકોટ મ્યુ. કોર્પો. રાજકોટ જીલ્લા પંચાયત અને ગોંડલ પાલિકાની ચૂંટણીમાં મતદાન મથકોની અંદાજીત કુલ સંખ્યા વધીને ૨૪૭૬ થનાર છે.

વર્ષ-૨૦૨૧માં રાજકોટ મ્યુ. કોર્પો. રાજકોટ જીલ્લા પંચાયત અને ગોંડલ નગરપાલિકાની ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા ૨૨૨૬ની હતી આમ આ વખતની આ ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યામાં ૨૫૦નો વધારો થશે. આ ચૂંટણીમાં મતદાન મથક દીઠ પાંચ-પાંચ કર્મચારીઓ ફરજ પર મૂકાનાર હોય ૧૩ હજારથી વધુ કર્મચારીઓ જીલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ફરજ બજાવશે.

રાજકોટ મહાનગર પાલિકાની વાત કરીએ તો વર્ષ-૨૦૨૧ની મહાનગર પાલિકાની ચૂંટણીમાં ૯૯૧ મતદાન મથકો હતો જે વખતે વધીને અંદાજીત ૧૧૭૨ થશે આવી જ રીતે રાજકોટ જીલ્લા પંચાયતની વર્ષ ૨૦૨૧ની ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા ૧૧૪૫ હતી જે વધીને અંદાજીત ૧૧૯૭ થશે જયારે ગોંડલ નગરપાલિકા વિસ્તારમાં મતદાન મથકોની સંખ્યા ૧૦૮૧થી વધીને ૧૨૭૯ થશે.

રાજકોટ જીલ્લા પંચાયતની ચૂંટણી માટે તાલુકાવાઈઝ મતદાન મથકોની અંદાજીત સંખ્યા નિયત કરી દેવામાં આવી છે. જેમાં રાજકોટ તાલુકાની બેઠક વિસ્તારમાં ૧૭૮ ગોંડલ બેઠકના વિસ્તારમાં ૮૬ જેતપુરમાં ૯૨, ધોરાજી વિસ્તારમાં ૬૧ જામકંડોરણા બેઠક વિસ્તારમાં ૧૬૨, ઉપલેટામાં ૧૨૩ જસદણમાં ૬૫ વિંછીયામાં ૯૪ લોધીકામાં ૮૧, કોટડાસાંગાણીમાં ૧૪૬ અને પડધરી બેઠક વિસ્તારમાં મતદાન મથકોની સંખ્યા વધીને ૧૦૯ મળી જીલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાન મથકોની સંખ્યા વધીને ૧૧૯૭ની થશે.

મતદાન મથક દીઠ-પાંચ પાંચ કર્મચારીઓની તૈનાતી કરવામાં આવનાર છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં રાજકોટ મહાનગર પાલિકાના સ્ટશફને ફરજ સોપવામાં આવનાર ન હોય કર્મચારીઓની ખેંચાખેંચી થવાની શકયતા રહેલી છે. આ સંજોગોમાં આ ચૂંટણી માટે કર્મચારીઓની સ્ટાફની સંખ્યા સહિતની વિગતો જીલ્લાની સરકારી કચેરીઓ પાસેથી કલેકટર તંત્ર દ્વારા મંગાવવામાં આવી છે.

# રાજકોટમા સર્વાઈકલ કેન્સર ફ્રી રસીકરણ અભિયાનનો પ્રારંભ

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકા દ્વારા તા.૭ માર્ચ શનિવારથી અખિલ હિન્દ મહિલા પરિષદ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, લક્ષ્મીવાડી ખાતે મહિલાઓને સર્વાઈકલ કેન્સર સામે રક્ષણ આપવા માટે ફ્રી રસિકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે .આ અભિયાનમાં ૧ જાન્યુઆરી ૨૦૧૧ થી ૨૯ ફેબ્રુઆરી ૨૦૧૨ના સમયગાળામા જન્મ લેનાર ૧૪ વર્ષની દીકરીઓનું રસીકરણ કરવામાં આવશે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં અંદાજિત ૧૨,૧૯૯ કિશોરીઓને એચપીવી વેક્સિન વિનામૂલ્યે આપવામાં આવશે. જેથી રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાં ગર્ભાશયના મુખના કેન્સર સામે મજબૂત સુરક્ષા કવચ ઊભું કરી રોગ સામે રક્ષણ મેળવી શકાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા તા.૨૮મીનાં અજમેર ખાતે ગર્ભાશયના મુખના કેન્સર વિરોધી એચપીવી રસીનો રાષ્ટ્રવ્યાપી શુભારંભ કરવામાં આવેલ તે અનુસંધાને ગુજરાતમાં પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રસીકરણ અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. યોજાયેલા રસિકરણ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, આરોગ્ય સમિતિ ચેરમેન કેતનભાઈ પટેલ,, આરોગ્ય અધિકારી જે.એલ. વંકાણી,આરોગ્ય શાખાના કર્મચારીઓ, લાભાર્થી કિશોરીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા

# મહિલાઓને સિટી બસ - BRTSમાં મફત મુસાફરી

રાજકોટ , તા. ૭

આજે ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિતે મહિલાઓ આખો દિવસ કોઈપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે. મહાનગરપાલિકા દ્વારા નારી સશક્તિકરણનું કાર્ય ચરિતાર્થ કરવાના ભાગરૂપે મિલકત વેરા અને પાણી વેરામાં મહિલાઓના મિલકતના કિસ્સામાં એડવાન્સમાં મિલકતવેરામાં વિશેષ ૫% વળતર આપવામાં આવે છે. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાઓમાં અભ્યાસ કરી રહેલી વિદ્યાર્થીનીઓ માટે ‘સુકન્યા સમૃધ્ધિ યોજના‘ હેઠળ વાર્ષિક રૂ.૧,૫૦૦/- જેટલું યોગદાન દરેક ‘સુકન્યા સમૃધ્ધિ યોજના‘ ખાતા દીઠ આપવા રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિને ગ્રાન્ટ ફાળવેલી છે. દર વર્ષે ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’, ‘રક્ષાબંધન’ અને ‘ભાઈબીજ’ના પવિત્ર દિવસે મહિલાઓને ભેટ સ્વરૂપે સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી છૂટ આપે છે. જે પ્રમાણે તારીખ ૮-મી માર્ચ,ના રોજ ૧૧૫-મા ‘આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ’ નિમિતે મહિલાઓ એક દિવસ માટે, સમગ્ર દિવસ દરમ્યાન કોઈપણ સ્થળે, કોઈપણ રૂટ પર, ગમે તેટલી વાર સિટી બસ અને બી.આર.ટી.એસ. બસમાં વિનામૂલ્યે મુસાફરી કરી શકશે જેનો મહતમ લાભ લેવા અનુરોધ કરાયો છે.

# ઈન્દ્રનીલ રાજગુરૂની રાજકીય નિવૃતિ

## મહાનગરપાલિકાની ચૂંટણી પૂર્વે જ લીધી નિવૃત્તિ : કોંગ્રેસમાં ખળભળાટ, નિવૃત્તિનું હજુ ચોક્કસ કારણ નથી આવ્યું સામે

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકાની ચૂંટણીઓની તારીખો જાહેર થાય તે પૂર્વેજ રાજકીય આલમમાં ખડભરાટ મચી ગયો છે જેની પાછળના સૌથી મોટું કારણ એ છે કે કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુએ નિવૃત્તિ જાહેર કરી દીધી છે. કોંગ્રેસ માટે મોટો ફટકો સાબિત થાય તો નવાઈ નહીં. હાલ કયા કારણસર ઈન્દ્રનીલ રાજગુરુ દ્વારા નિવૃત્તિ જાહેર કરવામાં આવી તે અંગે હજી સુધી કોઈ સ્પષ્ટતા થઈ નથી પરંતુ ક્યાંક ને ક્યાંક તેઓએ તેમની ઉંમરનું બહાનું કર્યું હોવાનું પણ જણાઈ રહ્યું છે. તેઓ એમ પણ કહ્યું હતું કે હવે કોંગ્રેસના કોઈપણ કાર્યક્રમમાં તેઓ હાજર નહીં રહે સાથોસાથ તેઓએ કહ્યું હતું કે કોંગ્રેસને જો તેમની જરૂરિયાત પડશે તો તેઓ તેમની મદદ પણ કરશે.

એક તરફ કોંગ્રેસ હોય કે ભાજપ દરેક રાજકીય પક્ષ આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓ તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓ માટે ઉમેદવારોની પસંદગી કરવા માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે તે સમયગાળામાં હવે જ્યારે ઈન્દ્રની રાજગુરુ દ્વારા રાજકીય નિવૃત્તિ જાહેર કરવામાં આવે તો તેના અનેકવિધ પરિણામ કોંગ્રેસ પક્ષે ભોગવવા પડશે. પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી જેથી તેમની રાજકીય નિવૃત્તિ ઉપર અનેકવિધ સવાલો ઉઠી રહ્યા છે.

ઈન્દ્રનીલ રાજ્યગુરૂની અચાનક નિવૃત્તિથી કોંગ્રેસને આંચકો લાગ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણીને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. પાર્ટી દ્વારા હાલ ઉમેદવારોની પસંદગી માટે સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેની વચ્ચે જ રાજકોટ કોંગ્રેસના કદાવર નેતા ગણાતા ઈન્દ્રનીલ રાજ્યગુરુએ રાજકીય નિવૃતિની જાહેરાત કરતા આશ્ચર્ય સર્જાયું છે. ઈન્દ્રનીલ રાજ્યગુરુ થોડા સમય પહેલા કોંગ્રેસ છોડી આપમાં ગયા હતા અને ફરી ત્યાંથી નારાજ થઈ કોંગ્રેસમાં પરત ફર્યા હતા અને હાર્યા હતાં. ઈન્દ્રનીલ રાજ્યગુરુનો જન્મ ૨૬ જૂન ૧૯૬૬માં થયો હતો. ૮ વર્ષ પહેલા રાજકોટની પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી તેઓ ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે ચૂંટણી લડ્યા હતા.

ઈન્દ્રનીલ રાજ્યગુરુએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, તેઓ હવેથી કોઈ પણ રાજકીય કે સામાજિક પ્રસંગોમાં હાજરી આપશે નહીં. જોકે, તેમણે પક્ષ પ્રત્યેની વફાદારી દર્શાવતા ઉમેર્યું કે, જો કોંગ્રેસ પક્ષને ક્યારેય માનસિક કે આર્થિક મદદની જરૂર પડશે તો હું ચોક્કસ કરીશ, પરંતુ જાહેરમાં કોઈ કાર્યક્રમ કે મંચ પર મારી હાજરી જોવા મળશે નહીં.

તાજેતરમાં જ કોંગ્રેસ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને ૭ અલગ-અલગ કમિટીઓની રચના કરવામાં આવી હતી. આશ્ચર્યની વાત એ હતી કે આ એક પણ કમિટીમાં રાજકોટના આ કદાવર નેતાને સ્થાન આપવામાં આવ્યું નહોતું. રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે કે આ અવગણના જ કદાચ તેમના આ આકરા નિર્ણય પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે.

૮ વર્ષ પહેલા રાજકોટ પશ્ચિમ બેઠક પરથી તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે ચૂંટણી લડીને તેમણે ભારે ચર્ચા જગાવી હતી. તેઓ કોંગ્રેસ છોડીને 'આપ' માં જોડાયા હતા, પરંતુ ટૂંક સમયમાં જ ઘરવાપસી કરી ફરી કોંગ્રેસમાં સક્રિય થયા હતા. રાજકોટ કોંગ્રેસમાં આર્થિક અને સામાજિક રીતે ઈન્દ્રનીલ રાજ્યગુરુનો મોટો પ્રભાવ માનવામાં આવે છે.


ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ સંગઠનમાં ફેરફારો થયા બાદ છેલ્લા કેટલાક સમયથી ઈન્દ્રનીલ રાજ્યગુરૂ નિષ્ક્રીય દેખાતા હતાં અને ભાગ્યે જ કોંગ્રેસના કોઈ કાર્યક્રમમાં હાજરી આપતા હતાં. છેલ્લે કોંગ્રેસના મહિલા કોર્પોરેટર ભાનુબેન સોરાણીના પતિ પ્રવિણ સોરાણીએ ઈન્દ્રનીલ સામે મોરચો ખોલ્યો હતો અને તે પૈસાના જોરે રાજકારણ ચલાવતા હોવાનો આક્ષેપ કરી તેના બિલ્ડીંગમાં બેસતું કોંગ્રેસ કાર્યાલય બદલવા માંગણી કરતો પત્ર શહેર કોંગ્રેસ પ્રમુખને લખ્યો હતો.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# મહિલા દિવસ મહિલા વિવશ

## મહિલા નેતૃત્વ વધ્યું, પણ મહિલા તરફી અવાજ ઘટ્યો




આજે આપણે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરી રહ્યા છીએ. ચારેબાજુ સ્ત્રી શક્તિના ગુણગાન ગવાય છે. રાજકારણથી લઈને કોર્પોરેટ જગત સુધી મહિલા નેતૃત્વનો વ્યાપ વધ્યો છે. પંચાયતથી સંસદ સુધી મહિલાઓની સંખ્યા વધી છે. આ આંકડાઓ જોઈને લાગે કે મહિલાઓ શક્તિશાળી બની છે. પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. મહિલા નેતૃત્વ વધ્યું હોવા છતાં, સામાન્ય મહિલાઓનો અસલી અવાજ દબાઈ રહ્યો છે.

સૌથી મોટું આશ્ચર્ય એ છે કે મહિલા નેતૃત્વ હવે 'પાર્ટી લાઈન'માં કેદ થઈ ગયું છે. જ્યારે સામાન્ય મહિલાઓ પર અત્યાચાર થાય છે, ત્યારે મહિલા નેતાઓ પોતાની વિચારધારા જોવા લાગે છે. પીડિત મહિલા કરતા પક્ષનું હિત તેમના માટે મોટું બની જાય છે. આ જ કારણે મહિલાલક્ષી ગંભીર મુદ્દાઓ પર અવાજ ઉઠાવવામાં પીછેહઠ જોવા મળે છે. સત્તામાં હોવા છતાં મહિલા નેતાઓ સ્ત્રીઓના પાયાના પ્રશ્નો ઉકેલવામાં નિષ્ફળ રહી છે.

વર્તમાન સમયમાં ગેરકાયદે નશાનું પ્રમાણ ભયજનક રીતે વધ્યું છે. આ નશાની સૌથી માઠી અસર ઘરની સ્ત્રીઓને થાય છે. દારૂડિયા સ્વજનોને કારણે હજારો પરિવારો બરબાદ થઈ રહ્યા છે. ઘરમાં થતી હિંસા અને આર્થિક તંગી પાછળ વ્યસન મુખ્ય કારણ છે. મહિલાઓ આ નરક જેવી સ્થિતિમાં જીવે છે. છતાં, મહિલા નેતૃત્વને આવા સંવેદનશીલ મુદ્દાઓમાં રસ પડતો નથી. તેઓ વોટ બેંકના રાજકારણમાં વ્યસ્ત છે. નશાબંધી કે મહિલા સુરક્ષા જેવા મુદ્દાઓ માત્ર ભાષણો પૂરતા મર્યાદિત રહી ગયા છે.

આ સંજોગોમાં મહિલા દિવસ માત્ર એક ઔપચારિકતા બની ગયો છે. એક દિવસ ફૂલો આપીને કે સ્ટેજ પર સન્માન કરીને જવાબદારી પૂરી થતી નથી. ખરેખર તો મહિલા નેતૃત્વએ પક્ષપાત છોડીને એકજૂથ થવાની જરૂર છે. જ્યાં સુધી નેતૃત્વ સામાન્ય સ્ત્રીની પીડા નહીં સમજે, ત્યાં સુધી સશક્તિકરણ અધૂરું છે. માત્ર સંખ્યા વધવાથી પરિવર્તન આવતું નથી, નીતિ અને દાનત બદલવી જરૂરી છે. જો મહિલા નેતાઓ જ અવાજ નહીં ઉઠાવે, તો સામાન્ય મહિલાઓ કોની પાસે અપેક્ષા રાખશે? આ પ્રશ્ન આજે ગંભીર ચિંતન માંગી લે તેવો છે.

# હિન્દ મહાસાગરમાં ભારતની વધી તાકાત

## વિદેશ મંત્રી જયશંકરે દરિયાઈ સુરક્ષા અને ભારતની ભૂમિકા પર રાયસીના ડાયલોગમાં ખરું ચિત્ર કર્યું ઉજાગર




રાજકોટ, તા. ૭

નવી દિલ્હીમાં રાયસીના ડાયલોગ ૨૦૨૬ માં ''હાર્ટ ઓફ ધ સીઝઃ ફ્યુચર ઓફ ધ હિંદ મહાસાગર'' શીર્ષકવાળા સત્રમાં, ભારતના વિદેશ મંત્રી ડો. એસ. જયશંકરે હિંદ મહાસાગર ક્ષેત્રની વ્યૂહાત્મક સ્થિતિ, દરિયાઈ સુરક્ષા અને ભારતની ભૂમિકા પર વિસ્તૃત રીતે વાત કરી. જયશંકરે નોંધ્યું કે લાલ સમુદ્ર અને આસપાસના દરિયાઈ માર્ગોમાં હુતી હુમલાઓ થયા છે. તેમણે ઉમેર્યું કે આવા હુમલાઓની શક્યતા નકારી શકાય નહીં. તેમણે જણાવ્યું કે ભારતીય નૌકાદળે આવા મુશ્કેલ સમયમાં જહાજોની સલામતી સુનિશ્ચિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. તેમણે ભાર મૂક્યો કે ભારત દરિયાઈ વેપાર માર્ગોની સુરક્ષામાં સક્રિય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે. પેનલ ચર્ચામાં સેશેલ્સના વિદેશ મંત્રી બેરી ફૌર, મોરેશિયસના વિદેશ મંત્રી રિતેશ રામફુલ, શ્રીલંકાના વિદેશ મંત્રી વિજિતા હેરાથ અને ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ વિદેશ મંત્રી મેરિસ પેને પણ સામેલ હતા.

વિદેશ મંત્રી જયશંકરે ખાસ કરીને વેપારી જહાજોની સલામતી અંગે ચિંતા વ્યક્ત કરી. તેમણે નોંધ્યું કે મોટી સંખ્યામાં ભારતીય ખલાસીઓ વૈશ્વિક શિપિંગમાં સેવા આપે છે, અને જ્યારે પણ કોઈ તેલ ટેન્કર અથવા જહાજ પર હુમલો થાય છે, ત્યારે ભારતીય નાગરિકો ઘણીવાર તેમાં સવાર હોય છે. તેમણે ધ્યાન દોર્યું કે તાજેતરના સમયમાં આવા હુમલાઓમાં ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા છે. તેમ છતાં, ભારત આગળ વધી રહ્યું છે અને સુરક્ષાને મજબૂત બનાવવા માટે અન્ય દેશો સાથે કામ કરી રહ્યું છે. જયશંકરે જણાવ્યું હતું કે ભારત હિંદ મહાસાગર ક્ષેત્રમાં ચોખ્ખી સુરક્ષા પ્રદાતા તરીકે કાર્ય કરે છે, પરંતુ આ ભૂમિકા પ્રદેશની ભૂ-રાજકીય વાસ્તવિકતાઓને સમજીને ભજવવામાં આવે છે. તેમણે જણાવ્યું હતું કે ભારત આ ક્ષેત્રમાં શક્તિના જટિલ સંતુલનને ધ્યાનમાં રાખીને સુરક્ષાને મજબૂત બનાવવામાં ફાળો આપે છે. તેવી જ રીતે, ભારત લાલ સમુદ્રમાં સુરક્ષાને મજબૂત બનાવવા માટે કામ કરી રહ્યું છે.

સોશિયલ મીડિયા પર ચર્ચાઓનો ઉલ્લેખ કરતા, તેમણે કહ્યું કે હિંદ મહાસાગરની વાસ્તવિકતાઓને સમજવી મહત્વપૂર્ણ છે. તેમણે ડિએગો ગાર્સિયામાં લગભગ ૫૦ વર્ષથી વિદેશી લશ્કરી હાજરીનું ઉદાહરણ આપ્યું, જ્યારે જીબુટીમાં પણ ઘણા દેશોના લશ્કરી થાણા છે. તેમણે શ્રીલંકામાં હંબનટોટા બંદર અને બહેરીનમાં તૈનાત યુએસ ફિફ્થ ફ્લીટનો પણ ઉલ્લેખ કર્યો, અને કહ્યું કે આ ક્ષેત્રમાં વિવિધ શક્તિઓની હાજરી એક સ્થાપિત વાસ્તવિકતા છે. ઈરાન સંબંધિત શિપિંગ પરના વિવાદના સંદર્ભમાં, ભારત અને શ્રીલંકાના વિદેશ પ્રધાનોએ પુનરોચ્ચાર કર્યો કે દરિયાઈ બાબતોમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સમુદ્રના કાયદા પર સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCLOS)નું પાલન કરવું જોઈએ. તેમણે ભાર મૂક્યો કે દરિયાઈ વિવાદોનો ઉકેલ નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય પ્રણાલીમાં થવો જોઈએ. જયશંકરે જણાવ્યું હતું કે ભારતનો ઉદય તેના પોતાના પ્રયાસો અને ક્ષમતાઓ પર આધારિત રહેશે. તેમણે એમ પણ કહ્યું હતું કે ભારતની આર્થિક પ્રગતિ સમગ્ર પ્રદેશ માટે વધતી લહેર જેવી છે, જેનાથી પડોશી દેશોને ફાયદો થાય છે.

હિંદ મહાસાગર એ વિશ્વનો એકમાત્ર મહાસાગર છે જેનું નામ એક દેશના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે આ પ્રદેશ સાથે ભારતના ઐતિહાસિક અને સભ્યતાના સંબંધોને પ્રતિબિંબિત કરે છે. શ્રીલંકામાં આવેલા ચક્રવાતનું ઉદાહરણ આપતા, જયશંકરે જણાવ્યું હતું કે ભારતે આપત્તિના ૨૪ કલાકની અંદર સહાય પૂરી પાડી હતી. તેમણે આને ભારતની માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) ક્ષમતાઓના ઉદાહરણ તરીકે ટાંક્યું હતું. વિદેશ પ્રધાને નોંધ્યું હતું કે હિંદ મહાસાગર ક્ષેત્ર ઐતિહાસિક રીતે ચોમાસા આધારિત વેપાર અને જોડાણનું કુદરતી નેટવર્ક રહ્યું છે, જેને વસાહતી યુગ દરમિયાન નોંધપાત્ર નુકસાન થયું હતું. હવે, આ પ્રદેશ પુનર્નિર્માણ અને નવી જોડાણ તરફ આગળ વધી રહ્યો છે. તેમણે કહ્યું કે ભારત પૂર્વ અને પશ્ચિમ વચ્ચે જોડાણને ફરીથી મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.

# વડાપ્રધાન મોદીની ઈઝરાયેલ મુલાકાત પૂર્ણ થયા બાદ જ ઈરાન પર કર્યો હુમલો

## ઈઝરાયેલના વિદેશ મંત્રી ગિડોન સારે કરી સ્પષ્ટતા : ભારત પરત ફર્યા બાદ જ લેવાયો તો નિર્ણય



નવીદિલ્હી, તા. ૭

ઈઝરાયલના વિદેશ પ્રધાન ગિડોન સારે શુક્રવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાન પર હવાઈ હુમલા વિશે અગાઉથી જાણ કરી શકાતી નથી કારણ કે લશ્કરી કાર્યવાહી શરૂ કરવાનો નિર્ણય તેમની તાજેતરની મુલાકાત પછી લેવામાં આવ્યો હતો. વડા પ્રધાન મોદીની ઈઝરાયલની બે દિવસીય મુલાકાત ૨૬ ફેબ્રુઆરીએ પૂર્ણ થઈ. બે દિવસ પછી, ઈઝરાયલ અને યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાન પર સંયુક્ત લશ્કરી હુમલો શરૂ કર્યો જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેનીની હત્યા થઈ. રાયસીના સંવાદમાં વર્ચ્યુઅલ રીતે ભાગ લેતા, ગિડિયન સારે કહ્યું કે ઈઝરાયલના મોદી અને ભારત સાથે ''ખૂબ સારા સંબંધો'' છે, જે છેલ્લા કેટલાક વર્ષોમાં ગાઢ બન્યા છે. તેમણે ઉમેર્યું, ''પરંતુ અમે વડા પ્રધાન મોદીને આ વિશે જાણ કરી શક્યા નહીં કારણ કે નિર્ણય શનિવારે સવારે લેવામાં આવ્યો હતો.'' સારે સંકેત આપ્યો કે હુમલો કરવાનો નિર્ણય યુનાઈટેડ સ્ટેટ્સ અને ઈરાન વચ્ચેની વાતચીત નિષ્ફળ જવાને કારણે લેવામાં આવ્યો હતો. સારે કહ્યું કે ઈરાન તેનો પરમાણુ કાર્યક્રમ ચાલુ રાખે છે, બેલિસ્ટિક મિસાઈલો વિકસાવી રહ્યું છે અને હિઝબુલ્લાહ, હમાસ અને હૂતીઓને ટેકો આપે છે. તેમણે કહ્યું કે કદાચ આપણે ઈરાનમાં શાસન પરિવર્તન જોશું. સમગ્ર ક્ષેત્રમાં પરિસ્થિતિ વિશે વાત કરતા, સારે કહ્યું કે ઈરાન સમર્થિત જૂથ હિઝબુલ્લાહ લડાઈમાં જોડાયા પછી લડાઈ વધુ તીવ્ર બની છે.

તેમણે કહ્યું કે હિઝબુલ્લાહે લગભગ ત્રણ દિવસ પહેલા લેબનોન અને લેબનીઝ લોકોની ઈચ્છાઓ અને હિતોની વિરુદ્ધ સંઘર્ષમાં જોડાવાનો નિર્ણય લીધો હતો, કારણ કે તેમને સ્પષ્ટપણે તેહરાન તરફથી સૂચનાઓ મળી હતી અને તેઓ ઈરાનના ફાયદા માટે કામ કરી રહ્યા હતા, લેબનોનના નહીં. સારના મતે, હિઝબુલ્લાહ ઈઝરાયલી વસ્તીવાળા વિસ્તારોમાં, ખાસ કરીને ઉત્તરી ઈઝરાયલમાં મિસાઈલો અને ડ્રોન છોડી રહ્યા હતા. તેમણે કહ્યું, ''તેઓ આપણા વસ્તીવાળા વિસ્તારોમાં, ખાસ કરીને આપણા દેશના ઉત્તરીય ભાગમાં, મિસાઈલો અને ડ્રોન છોડી રહ્યા છે, અને તે સ્પષ્ટ છે કે આ એકપક્ષીય નહીં હોય.'' ઈઝરાયલી વિદેશ પ્રધાન ગિડીઓન સારે સ્પષ્ટતા કરી કે વડા પ્રધાન મોદીને ઈરાન પર હવાઈ હુમલાની અગાઉથી જાણ કરવામાં આવી ન હતી, કારણ કે લશ્કરી કાર્યવાહી કરવાનો નિર્ણય ઈઝરાયલની તેમની મુલાકાત પછી લેવામાં આવ્યો હતો. સારે 'રાયસીના ડાયલોગ'માં જણાવ્યું હતું કે યુએસ-ઈરાન વાટાઘાટોની નિષ્ફળતા અને ઈરાનના તેના પરમાણુ કાર્યક્રમ અને આતંકવાદી સંગઠનોને સમર્થનને કારણે આ કાર્યવાહી જરૂરી હતી.

# ઈરાન - ઈઝરાયલ યુદ્ધથી ભારતના તેલ ભંડારને નહીં પડે અસર



વૈશ્વિક તેલ બજારમાં વધઘટ છતાં, ભારતની ઊર્જા સુરક્ષા મજબૂત રહેશે

રાજકોટ, તા. ૭

ઈરાન અને ઈઝરાયલ વચ્ચે યુદ્ધ ચાલુ છે. આ યુદ્ધની અસર સમગ્ર વિશ્વમાં સ્પષ્ટપણે દેખાય છે. જોકે, ભારત સરકારે સ્પષ્ટતા કરી છે કે આ યુદ્ધ ભારતના તેલ ભંડારને અસર કરશે નહીં કે અન્ય કોઈ અછત ઊભી કરશે નહીં. વૈશ્વિક તેલ બજારમાં વધઘટ છતાં, ભારતની ઊર્જા સુરક્ષા મજબૂત રહે છે. સરકાર જણાવે છે કે છેલ્લા ૧૨ વર્ષોમાં લાગુ કરાયેલી નીતિઓને કારણે, ભારત પાસે પૂરતા પ્રમાણમાં તેલ ભંડાર અને બહુવિધ સપ્લાય રૂટ છે. યુદ્ધ દરમિયાન પણ, ભારત પૂરતા પ્રમાણમાં બળતણ ભંડાર જાળવી રાખે છે. સરકારે જણાવ્યું હતું કે ભારત પાસે ૨૫૦ મિલિયન બેરલથી વધુ ક્રૂડ ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોનો ભંડાર છે, જે આશરે ૪૦ અબજ લિટર જેટલો છે. આ ભંડાર દેશને લગભગ ૭ થી ૮ અઠવાડિયા સુધી પુરવઠો જાળવવામાં મદદ કરી શકે છે. આ આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે કોઈ ચિંતા કરવાની જરૂર નથી.

યુદ્ધ દરમિયાન, ભારત તેના તેલ ભંડારને વધુ મજબૂત બનાવી રહ્યું છે. ભારતમાં હાલમાં ઉપલબ્ધ તેલ વિવિધ સ્થળોએ સંગ્રહિત છે. આમાં ભૂગર્ભ વ્યૂહાત્મક ભંડાર, સંગ્રહ ટાંકી, પાઈપલાઈન, ટર્મિનલ અને સમુદ્રમાં કાર્યરત તેલ ટેન્કરનો સમાવેશ થાય છે. ભારતના મુખ્ય વ્યૂહાત્મક ભંડાર મેંગલોર, પાદુર અને વિશાખાપટ્ટનમમાં સ્થિત છે. ભારતે પહેલાથી જ તેલ પુરવઠાના અનેક સ્ત્રોતો સ્થાપિત કરી લીધા છે. ભારત હવે ૪૦ દેશોથી તેલ આયાત કરે છે, જે પહેલા ૨૭ હતું. આનો અર્થ એ થયો કે ભારત હવે ફક્ત હોર્મુઝ સ્ટ્રેટ પર નિર્ભર નથી. ભારતનું લગભગ ૪૦% તેલ હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવે છે. બાકીનું ૬૦% અન્ય માર્ગો દ્વારા આવે છે. તેથી, જો એક માર્ગમાં સમસ્યા હોય તો પણ, દેશને તેલની અછતનો સામનો કરવો પડતો નથી. ભારત લાંબા સમયથી રશિયા પાસેથી તેલ ખરીદી રહ્યું છે. આનું કારણ એ છે કે ભારત અને રશિયા સારા મિત્રો છે. રુસો-યુક્રેન યુદ્ધ પછી પણ, રશિયા પાસેથી ભારતની તેલ ખરીદી પર કોઈ અસર પડી ન હતી. તેલ ખરીદી પહેલાની જેમ ચાલુ રહે છે. રશિયા ૨૦૨૬ સુધી ભારતનો સૌથી મોટો તેલ સપ્લાયર રહેશે.

છેલ્લા ચાર વર્ષોમાં ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત રહ્યા છે. તેલ કંપનીઓએ સ્થિર ભાવ જાળવવા માટે આશરે ₹૨૪,૫૦૦ કરોડનું નુકસાન કર્યું છે. સરકારનો દાવો છે કે છેલ્લા ૧૨ વર્ષમાં દેશના એક પણ પેટ્રોલ પંપ પર બળતણ ખતમ થયું નથી. ભારતની કુલ રિફાઈનિંગ ક્ષમતા ૨૫૮ ખખઝડઅ છે, જે વિશ્વમાં ચોથા ક્રમે છે. દેશની સ્થાનિક માંગ ૨૧૦-૨૩૦ ખખઝડઅ છે, જેનો અર્થ છે કે ભારત પૂરતા પ્રમાણમાં તેલ રિફાઈન કરી શકે છે. ભારત પેટ્રોલિયમ ઉત્પાદનોનો વિશ્વનો પાંચમો સૌથી મોટો નિકાસકાર પણ છે. સરકારનું કહેવું છે કે પેટ્રોલિયમ ક્ષેત્રમાં દરેક નિર્ણય ત્રણ બાબતોને ધ્યાનમાં રાખીને લેવામાં આવે છેઃ સસ્તી ઉર્જા સુનિશ્ચિત કરવી અને તેની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી, ખાસ કરીને પર્યાવરણીય ટકાઉપણું. નવેમ્બર ૨૦૨૫ અને ફેબ્રુઆરી ૨૦૨૬ વચ્ચે, આંતરરાષ્ટ્રીય બજારમાં સાઉદી ઈડ બેન્ચમાર્ક ભાવમાં આશરે ૧૬%નો વધારો થયો હતો, પરંતુ ભારતમાં ઘરેલુ કઙઋ સિલિન્ડરનો ભાવ યથાવત રહ્યો. સરકારના મતે, ઉજ્જવલા યોજના હેઠળ એક પરિવાર માટે સ્વચ્છ રસોઈનો ખર્ચ હવે લગભગ ₹૭.૩૧ પ્રતિ દિવસ થઈ ગયો છે.

ભારત સરકારનું કહેવું છે કે તેની તેલ ખરીદી નીતિ ફક્ત રાષ્ટ્રીય હિત પર આધારિત છે. ભારત જ્યાંથી તેલ ઉપલબ્ધ હોય, સસ્તું હોય અને સરળતાથી સુલભ હોય ત્યાંથી ખરીદે છે. સરકારના મતે, આ નીતિ લાંબા સમયથી સતત અનુસરવામાં આવી રહી છે. ભારત વિશ્વના મુખ્ય તેલ અને ગેસ સપ્લાયર્સ સાથે સતત સંપર્કમાં છે. બધા વ્યવહારો કાયદેસર વેપારીઓ, પાલન કરનારા જહાજો અને પારદર્શક ચેનલો દ્વારા કરવામાં આવે છે. સરકારના મતે, ભારતે નિયમોનું ઉલ્લંઘન કર્યું નથી, પરંતુ વૈશ્વિક તેલ બજારને સ્થિર કરવામાં ભૂમિકા ભજવી છે.

# શબ્દ બ્રહ્મ

સદગુરૂ કૃપા હી કેવલમ્...

## વાંચન વિશેષ

### આજે ૮ માર્ચ, એક સામાન્ય મહિલા એ કંઈ રીતે મેળવ્યું મિસાઈલ વુમન નું બિરુદ?



આજે ૮ માર્ચ એટલે કે મહિલા દિવસ!! એટલે સમગ્ર વિશ્વની તમામ મહિલાઓને આ ખાસ દિવસની ખૂબ ખૂબ વધાઈ. આપણે પહેલે દિવસે વાત કરી એમ મહિલા જન્મથી જ મહાન છે! કારણ કે એક નવ ચેતનાને જન્માવે છે, એને મહાનતા માટે કોઈ અલગ સિદ્ધિ મેળવવાની જરૂર નહોતી! કન્યા, કિશોરી, યુવતી, સ્ત્રી, મહિલા, અને વૃદ્ધા, એ એક નારી રુપી નદીનાં મુખ્ય છ મુકામ છે, અને એમાં મહિલાનો મેં મારી રીતે એક અર્થ કર્યો છે કે મહ + ઈલા, ઈલા એટલે પૃથ્વી અને વાણીની દેવી સરસ્વતી, જેનું વ્યક્તિત્વ મહદ્ અંશે ખીલેલું છે એ! અથવા જે વિદ્યાવાન છે! એક ઠહેરાવ વાળો મુકામ! આ મુકામ સુધી પહોંચતાં સુધીમાં એણે ખૂબ સમર્પણ કર્યું હોય! અને ઘણીવાર સમયનાં આ મુકામે એને એવું લાગે પણ ખરું કે એણે પોતાની જીંદગીને માણી જ નથી! મારું ઘર ! મારો પરિવાર! પણ એમાં હું જ નથી! અને આવી મહિલાઓને આપણે આજે ખાસ શુભેચ્છાઓ આપવાની છે! બાકી આપણે જોયું એમ સમયે સમયે એણે પોતાનો સુપર પાવર બતાવ્યો છે. રાણી લક્ષ્મીબાઈ,અહલ્યા બાઈ થી શરૂ કરીને દરેક ક્ષેત્રે જેણે નામ કાઢ્યું છે, એવી દરેક મહિલાને વંદન! રમત હોય, ગાયકી હોય, અભિનય હોય, કે પછી ડોક્ટર, એન્જિનિયર, ચાર્ટડ એકાઉન્ટન્ટ, પ્રોફેસર,.. વગેરે દરેકે દરેક હોદ્દા પર મહિલાઓ પોતાનું કૌશલ્ય દર્શાવી ચૂકી છે, અને આગળ પણ કૌશલ્ય બતાવશે! જેમ કે ઓપરેશન સિંદૂર વખતે આપણે જોયું એમ સોફિયા કુરેશી, વ્યોમિકા સિંઘ, અને પ્રેરણા દેવસ્થળી, એ ત્રણેય પાંખના વડાની વ્યુહ રચના સાથે કામ કર્યું. ૨૦૧૬ માં અવની ચતુર્વેદી ભાવના કંત, અને મોહના સિંહ, જેવી અદભૂત ફાઈટર પ્લેનની ત્રણ મહિલા પાયલોટ ને પણ કેમ ભૂલાય! પણ આપણે જે આઠ મહિલાની વંદના કરી એ ખરેખર માઈલ્ડ સ્ટોન છે, અને એને કારણે ભારતીય પુરુષ પ્રધાન સમાજમાં સારી એવી ક્રાંતિ આવી છે! અને આપણે આજે મુક્ત રીતે શ્વાસ લઈ રહ્યાં છીએ. દરેક સ્ત્રીનો અગ્નિ સાથે એક અજીબ નાતો હોય છે, અને સપ્તપદી નો એ અગ્નિ છેક લાકડાં સુધી સાથે રહે છે! અગ્નિ એ પંચ તત્વનું એવું એક તત્વ છે, જે અંદર બહાર જ્યાં વ્યાપે ત્યાં વિનાશ... અને એટલે જ ભારતીય ડિફેન્સ સિસ્ટમની મિસાઈલ ને અગ્નિ નામ આપવામાં આવ્યું હશે! તો આજે આપણે ભારતની પ્રથમ મિશાઈલ વુમન ટેસી થોમસને શબ્દ ગુચ્છ અર્પણ કરીશું.

ડો. ટેસી થોમસનો જન્મ ૩ એપ્રિલ ૧૯૬૩નાં કેરળનાં અલપ્પુઝામાં એક કેથોલિક પરિવારમાં થયેલો, એનાં પિતાનાં વ્યવસાય અંગે મતમતાંતર છે. એનું નામ મધર ટેરેસાનાં નામ પરથી ટેસી રખાયું. તેઓ છ ભાઈ બહેન હતાં, અને માતાપિતા દરેકને પોતાના રસનાં વિષયમાં ભણાવવા કટિબદ્ધ હતાં. ટેસીનું ઘર થુંબા રોકેટ લોન્ચિંગ સ્ટેશનની નજીક હતું, કદાચ એથી એને બાળપણથી જ મિસાઈલ સાથે મહોબ્બત હતી. એ વિમાનોને જોયા જ કરતી, અને જાણે અજાણે વિમાનની વૈજ્ઞાનિક બનવાનું બીજ એવી જ કોઈ ક્ષણે એનાં મનમાં રોપાઈ ગયું.

ટેસીએ ભણવામાં જીવ રેડી દીધો. કેરળનાં અલપ્પુઝા માં હાયર સેકેન્ડરી સુધીનો અભ્યાસ કર્યો. આગળ ત્રિશૂરામાં ગવર્મેન્ટ એન્જિનિયરિંગ અભ્યાસ માટે દેવું કર્યું, ઉપરાંત ટેસીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાંથી દર મહિને સો મહિના ચૂકવવાને લેખે લોન લીધી. બી.ટેક. કર્યા બાદ ટેસીએ એમ.ટેક. માટે પુણેની ડિફેન્સ ઈન્સ્ટિટયૂટ ઓફ એડવાન્સ ટેકનોલોજીમાં દાખલ થવા માટે પ્રવેશ પરીક્ષા આપી. માત્ર ત્રણ ઉમેદવાર પ્રવેશ પરીક્ષામાં ઉત્તીર્ણ થયા, એમાં એક ટેસી પણ હતી. પરીક્ષા પાસ કરનારી પહેલી મહિલા. ગાઈડેડ મિસાઈલ એન્ડ વેપન ટેકનોલોજીના વિશેષ અભ્યાસક્રમ માટે એની પસંદગી કરાઈ. ૧૯૮૫ માં રાષ્ટ્રીય સ્તરની પરીક્ષામાં પ્રથમ આવીને ટેસી થોમસે એકવીસ વર્ષની ઉંમરે ભારતની સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા-ડીઆરડીઓમાં પગરણ કર્યાં. પોતાની મહેનત, નિષ્ઠા અને ધગશથી ૧૯૮૮માં ડો. ટેસી થોમસ ભારતની મિસાઈલ પરિયોજનામાં સામેલ થઈ. એ સમયે અગ્નિ મિસાઈલ પરિયોજનાનું નેતૃત્વ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ કરી રહેલાં. ટેસી ડો. કલામને પોતાનાં ગુરુ માનતી. એણે ડો. કલામના નેતૃત્વમાં અગ્નિ મિસાઈલ પરિયોજના સફળ બનાવવા કામગીરી કરી. અગ્નિ-૨થી અગ્નિ-૬ સુધીના તમામ સંસ્કરણોને વિકસિત કરવામાં ડો. ટેસીની ભૂમિકા મહત્વપૂર્ણ રહી. ટેસ્સી અગ્નિ-૫ પરિયોજનાના અંતિમ ચરણ પર કામ કરી રહેલી ત્યારે કેટલાયે મહિનાઓ સુધી એ પોતે અને એની ટુકડીના સભ્યો ઘેર જઈ શક્યા નહોતા. એનું એક કારણ એ હતું કે અગ્નિ-૩નું પહેલું પરીક્ષણ વિફળ થઈ ચૂકેલું. પણ કડી મહેનતને અંતે અગ્નિ-૫નું સફળ પરીક્ષણ થયું, અને આમ ટેસી થોમસ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થા ડીઆરડી ઓની મહિલા વૈજ્ઞાનિક બની. વર્ષ ૨૦૦૮ થી અગ્નિ મિસાઈલ પ્રોજેક્ટ સંભાળનાર ભારતની પહેલી મહિલા કે ભારતની પ્રથમ મિસાઈલ મહિલા. ટેસ્સીએ અગ્નિ મિસાઈલના પરિષ્કૃત સંસ્કરણોના વિકાસ માટે આયખું આખું સમર્પિત કરી દીધું. પૂર્વ અને પશ્ચિમનાં પાડોશીઓ સાથે યુદ્ધની બાથ ભીડવા માટે ભારત સરકારે શરૂ કરેલાં 'અગ્નિ' મિસાઈલ કાર્યક્રમ સાથે વર્ષ ૧૯૮૮ માં જોડાયા બાદ સંરક્ષણ સંશોધન અને વિકાસ સંસ્થાની મહિલા વૈજ્ઞાનિક ટેસી થોમસને 'મિસાઈલવુમન'નું બિરુદ મળ્યું. ટેસ્સી થોમસે લાંબા અંતરની મિસાઈલો માટે તૈયાર કરેલી ગાઇડન્સ સ્કીમનો ઉપયોગ બધી અગ્નિ મિસાઈલોમાં કરાયો. ટેસ્સીની વિશેષતા એ છે કે ગાઈડેડ મિસાઈલ સિસ્ટમથી એ કોઈ પણ રોકેટને મિસાઈલમાં પરિવર્તિત કરે છે અને એને અચૂક નિશાન લેવા માટે તૈયાર કરે છે. ૩૫૦૦ કિલોમીટર સુધી પ્રહાર કરતી અગ્નિ-૪ મિસાઈલના સફળ પરીક્ષણ પછી ખાસ કરીને ટેસી થોમસ દેશવિદેશમાં 'અગ્નિપુત્રી'ના નામે પ્રખ્યાત થઈ ગઈ.ટેસી થોમસને લાલા બહાદુર શાસ્ત્રી નેશનલ એવોર્ડ મળી ચૂક્યો છે. આ એવોર્ડ મિસાઈલ ટેક્નોલોજીમાં ભારતને આત્મનિર્ભય બનાવવા માટે તેમના યોગદાન માટે આપવામાં આવ્યો. તેમણે ૨૦૧૬માં આઈટીએમ યુનિવર્સિટી, ગ્વાલિયા સહિત ૫ અલગ યુનિવર્સિટી દ્વારા ડીએસસીની માનદ ડિગ્રી ભેટ કરવામાં આવી છે. ટેસી થોમસ એ નૌકાદળ ના ઓફિસર સરોજ કુમાર સાથે લગ્ન કર્યા છે, અને તેમનાં દિકરાનું નામ તેજસ છે. યુગો પહેલાં દ્રૌપદી ના અપમાનનો બદલો લેવા કૌરવ પાંડવનું યુદ્ધ થયું, અને આખું કૌરવ કુળ નાશ પામ્યું! આપણી સંસ્કૃતિ કે સરહદો રુપી દ્રૌપદીનું અપમાન કરનારા માટે આ ટેસી થોમસ જાણે દ્રૌપદી બની અગ્નિ મિસાઈલ દ્વારા દુશ્મનોને તહેસ નહેસ કરી નાખશે!

આજસુધીમાં આ અગ્નિ ૫ મિસાઈલ નું ૯ વાર પરિક્ષણ થયું છે, અને એમાંથી ૭ વાર સફળ થયું છે. આ બેલેસ્ટિક મિસાઈલ ૫૦૦૦ કિમી સુધીની રેન્જ ધરાવે છે! મુઠ્ઠીભર દેશો પાસે જ આવી મિસાઈલો છે, અને ટેસી થોમસના અભૂતપૂર્વ યોગદાન ને કારણે બેસ્ટ મિસાઈલ માટે ભારત આઠમા ક્રમે આવે છે.

ટેસી થોમસ આઝાદ ભારતની આપણને મળેલી એક એવી ભેટ છે, જેણે અગ્નિ ૧ થી શરૂ કરીને અગ્નિ ૬ સુધીની મિસાઈલો આપી, જે કાયમ દુશ્મન દેશનાં સૈન્યને કરારો જવાબ આપશે, અને આપણી સરહદોનું રક્ષણ કરશે. આવાં તો કેટલાંય મહિલા રત્નો થી આપણો સમાજ ભરેલો છે! ભલે આપણે એનાથી અજાણ હોઈએ ! પણ એનાથી શું! એ મહાનતા પછી શિવાજીની મા જીજીબાઈ હોય કે નરસિંહને સમયે મદદ કરનાર માણેક હોય સૌ કોઈ પૂજનીય છે જ ! અંતમાં આપણી સંસ્કૃતિની એક મહાન મહિલા, કે જેણે ઈશ્વરને પણ અવતાર લેવાં વિવશ કર્યા! એ શતરુપા થી શરૂ કરીને, સૌ મહિલાઓનાં ચરણોમાં શત શત વંદન. જય ભવાની.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

## જીવલેણ વાહન અકસ્માતની ત્રણ ઘટનામાં ત્રણ પરિવારોએ ગુમાવ્યા સ્વજન


# કાર, ટુવ્હીલર, છોટાહાથીના અકસ્માતઃ ત્રણ જીવ ગયા

## રાજકોટના ખીરસરા પાસે, માધાપર ચોકડી નજીક અને ધોરાજી પાસેથી ઘટના

રાજકોટ,તા.૭

વાહન અકસ્માતના બનાવમાં મોટાવડાના પાંભર પરિવારે બે દિવસમાં બે મોભી ગુમાવી દીધા છે. લોધીકાના ખીરસરા અને મોટાવડા વચ્ચેના રસ્તા પર કારના ચાલકે બાઇકને ઉલાળતાં મોટાવડાના ખેડુત વૃધ્ધનું મોત થયુ હતું. જ્યારે તેમના કુટુંબી ભાઇને પણ ગંભીર ઇજા થતાં સારવાર માટે ખસેડાયા હતાં. તેમણે પણ દમ તોડી દેતાં પાંભર પરિવારે બે દિવસમાં બબ્બ સ્વજનોની અરથી ઉઠતાં શોક વ્યાપી ગયો હતો. આ બંને ભાઇઓ સગાના લગ્ન પ્રસંગમાં જમીને ઘરે જતાં હતાં ત્યારે બનાવ બન્યો હતો. બીજા બનાવમાં માધાપર ચોકડી નજીક બે ટુવ્હીલર અથડાતાં ગાંધીગ્રામના આઇસ્ક્રીમના વેપારીનું મૃત્યુ થયું હતું. ત્રીજા બનાવમાં છોટા હાથી પલ્ટી જતાં એક આધેડનું મૃત્યુ થયું હતું અને ત્રણને ઇજા થઇ હતી.

વિગતો પર નજર કરીએ તો મોટાવડા ગામે રહેતાં અરવિંદભાઇ વાઘજીભાઇ પાંભર નામના પાંસઠ વર્ષના વૃધ્ધ અને તેના કુટુંબી ભાઇ પંચોતેર વર્ષના શીવાભાઇ નરસીભાઇ પાંભર બંને હોન્ડા પર બેસી ખીરસરા નજીકના સાત હનુમાન મંદિર પાસે સગાનો લગ્નપ્રસંગ હોઇ તેમાં જમણવારમાં હાજરી આપવા ગયા હતાં. ત્યાંથી પરત ફરતી વખતે સાંજે સાડા આઠેક વાગ્યે ખીરસરા-મોટાવડા વચ્ચેના રસ્તા પર હતાં



ત્યારે એક કારના ચાલકે બાઇકને ઠોકરે લેતાં બંને ભાઇઓ ફંગોળાઇ ગયા હતાં.

કારમાં પણ ભારે નુકસાની થઇ હતી. અકસ્માતમાં શીવાભાઇ પાંભરને પણ ગંભીર ઇજા થતાં સારવાર હેઠળ હતાં. દરમિયાન તેમનું પણ મૃત્યુ થયું છે. કાર મુકી ભાગી ગયેલા ચાલકની શોધખોળ હાથ ધરી હતી. મૃત્યુ પામનાર શીવાભાઇ ત્રણ ભાઇ અને ચાર બહેનમાં મોટા હતાં અને ખેતી કામ કરી ગુજરાન ચલાવતાં હતાં. તેમને સંતાનમાં બે દિકરી અને બે દિકરા છે. લોધીકા તાલુકાના



મેટોડા, જીઆઇડીસી તેમજ ખીરસરા વિસ્તારમાં યમરાજાએ અડીંગો જમાવ્યો હોઇ તેમ ત્રણ દિવસમાં છ લોકો વાહન અકસ્માતમાં કાળનો કોળીયો બની ગયા હતાં.

બીજા બનાવમાં ગાંધીગ્રામમાં રહેતાં આઇસ્ક્રીમની એજન્સી ધરાવતાં વૃધ્ધનું જામનગર રોડ પર નંદનવન સોસાયટી પાસે વાહન અકસ્માતમાં ગંભીર ઇજા થવાથી મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો છે. આ વૃધ્ધ બેંકના કામ માટે નીકળ્યા ત્યારે તેમના ટુવ્હીલર સાથે બીજુ ટુવ્હીલર અથડાતાં આ બનાવ બન્યો હતો. ગાંધીગ્રામની રાજદીપ સોસાયટીમાં રહેતાં અને બાલાજી સેલ્સ એજન્સીના નામે આઇસ્ક્રીમની એજન્સી ચલાવતાં સાંઇઠ વર્ષના જયેશભાઇ પરમાનંદભાઈ રાજ્યગુરૂ સાત ફેબ્રુઆરીના રોજ તેમનું બાઈક હંકારીને માધાપરથી બેંક ઓફ બરોડા જઈ રહ્યાં હતાં ત્યારે જામનગર રોડ પર નંદનવન બસ સ્ટેન્ડ રોડ પાસે અજાણ્યા બાઈક ચાલકે અકસ્માત સર્જતાં માથા-શરીરે ઈજા થતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં.

સારવાર દરમિયાન આજે સવારે તેમનું મૃત્યુ નીપજતાં પરિવાર પર આભ ફાટી પડયું હતું. મૃત્યુ પામનારને સંતાનમાં બે દીકરા અને એક દીકરી છે. તેઓ પાંચ ભાઇ અને ત્રણ બહેનમાં બીજા હતાં. ગાંધીગ્રામ પોલીસે અકસ્માત સર્જનાર બાઇકચાલક સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ત્રીજા બનાવમાં ધોરાજી નજીક ધોરાજી-જુનાગઢ રોડ પર છોટા હાથી પલ્ટી મારી જતાં જુનાગઢના આધેડનું મોત થયું હતું. જૂનાગઢના સુખનાથ ચોકમાં રહેતા અને મજૂરી કામ કરતાં લક્ષ્મણભાઇ જેઠાભાઈ ગોહેલ નામના પિસ્તાલીસ વર્ષના આધેડ, તેમના ભત્રીજા દિપેશ બચુભાઈ ગોહેલ તથા કિશોરભાઇ લાલુભાઈ પરમાર રિઝવાનના છોટા હાથીમાં બેસી પત્તરાની ગાડી ખાલી કરવા જઈ રહ્યા હતાં. દરમિયાન ધોરાજી નજીક જુનાગઢ રોડ પાસે આવેલ પુલ પર છોટા હાથી પલ્ટી ખાઈ જતા છોટા હાથીમાં સવાર લક્ષ્મણભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે તેમને પ્રથમ જૂનાગઢ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં.

જે બાદ વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં. અહીં તેમનું મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. મૃતક અપરિણીત હતાં, ત્રણ ભાઈ અને બે બહેનમાં વચેટ હોવાનું સામે આવ્યું છે. જ્યારે છોટા હાથીના ચાલક રિઝવાન તથા મૃતકના ભત્રીજા અને અન્ય એક શ્રમિકને ઈજા થઈ હોવાનું સામે આવ્યું છે. બનાવને લઈને પોલીસે તપાસ હાથ ધરી છે. આ બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં ધોરાજી પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## શ્રીનાથજી સોસાયટી સોસાયટીમાં દોઢ વર્ષથી બાળકીનું ઝાડા ઉલ્ટીથી મોત

રાજકોટ,તા.૭

મવડી મેઇન રોડ પરના વિસ્તારમાં રહેતી દોઢ વર્ષની બાળકીને ઝાડા ઉલ્ટી થતાં સારવારમાં ખસેડવામાં આવી હતી. જ્યાં તેણે દમ તોડી દેતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. વિગત મુજબ મવડી મેઇન રોડ પર શ્રીનાથજી સોસાયટીમાં રહેતાં અને કેળાની રેકડી ચલાવતા પ્રદીપભાઈ સોલંકીની પુત્રી પુજા નામની દોઢ વર્ષની બાળકીને ઝાડા ઉલ્ટી થતાં સારવાર અર્થે ઝનાના હોસ્પિટલના બાળકોના વિભાગમાં દાખલ કરવામાં આવી હતી.

જ્યાં તેણે અંતિમ શ્વાસ લઇ લેતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. મૃત્યુ પામનાર બાળા બે બહેન અને એક ભાઇમાં નાની હતી. માલવીયાનગર પોલીસે મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી જરૂરી કાર્યવાહી કરી હતી. બનાવથી પરિવારમાં શોક છવાઇ ગયો હતો.





# જીવદયા પ્રેમીઓ દ્વારા ચકલી ઘરનું વિતરણ

## બર્ડ ફીડર, ચકલીના માળા, પક્ષીના પાણીના પીવાના કુંડાનું આજે મેયર બંગલાની સામેથી કરાશે નિશુલ્ક વિતરણ

રાજકોટ, તા.૭

જીવદયા ગ્રુપ રાજકોટ, બાપા સીતારામ ગૌ સેવા મંડળ, એનિમલ હેલ્પલાઇન અને સ્વામી વિવેકાનંદ યુથ કલબ સંયુક્ત નાં ઉપક્રમે રવિવાર તારીખ ૮ માર્ચ ૨૦૨૬ ના રોજ રેસકોર્સ રીંગ રોડ મેયર બંગલાની સામેથી સવારે ૬:૩૦ કલાકે બર્ડ ફીડર(ગ્રીન કલરના), પક્ષીના પાણીના પીવાના કુંડા, ચકલીના માળા નું નિઃશુલ્ક વિતરણ સાથોસાથ અંગદાન, ચક્ષુદાન, દેહદાન વગેરેના સંકલ્પપત્રો ભરાવવાનું આયોજન છે. જીવદયા ગ્રુપના મોભી ઉપેનભાઈ મોદી, સ્વામી વિવેકાનંદ યુથ કલબ નાં અનુપમભાઈ દોશી, મુકેશભાઈ દોશી વગેરે ટીમ, કરુણા ફાઉન્ડેશન ના મીતલભાઈ ખેતાણી, પ્રતિકભાઇ સંઘાણી તેમજ બાપા સીતારામ ગૌ સેવા મંડળના સમીરભાઈ કામદાર તેમજ અંગદાન માટે ભાવનાબેન મંડલી ના કુશળ માર્ગદર્શન હેઠળ જય દાતાર બાપુ નાં સહકારથી સર્વે પ્રકાશ મોદી(૯૪૨૬૨૪૦૨૮૭), સમીર કામદાર(૯૮૨૪૨૮૧૮૩૬), નિરવ સંઘવી, હરેશ દોશી, વિરેન્દ્ર સંઘવી, દિનેશ મોદી, અરૂણ નિર્મળ, હિમાંશુ ચીનોય, હર્ષદ મહેતા, ભરત બોરડીયા, કિર્તીભાઈ પારેખ, શૈલેષ ઉદાણી, જીગર દોમડીયા, મેહુલ રવાણી, વિજય દોશી, હિરેન કામદાર, જીજ્ઞેશ શાહ, નિખિલ શાહ, નીરવ પારેખ, માંડણ ભરવાડ, પારસ મોદી વગેરે વિતરણ માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

# જોડીયાનો લંગડી બે ચોરાઉ રીક્ષા સાથે ઝડપાયો

## સિવિલના પાર્કિંગમાંથી અને જામનગર રોડ પર ભૂતનાથ મંદિર પાસેથી ચોરાયેલી રીક્ષાના ભેદ ઉકેલતી પ્રનગર પોલીસ

રાજકોટ, તા.૭

શહેરની સિવિલ હોસ્પિટલના પાર્કિંગમાંથી તેમજ જામનગર રોડ પર ભુતનાથ મહાદેવ મંદિર પાસેથી એમ શહેરના બે સ્થળેથી ચોરાયેલી રીક્ષાના ગુનાનો ભેદ ઉકેલી પ્રનગર પોલીસે બંને રીક્ષા સાથે ધ્રોલ તાલુકાના જોડિયા ગામે દલિતવાસમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે લંગડી ગોવિંદભાઈ પરમારને પકડી પાડી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્ર.નગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી ત્યારે હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ તોફિકભાઈ, વિરેન્દ્રસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે એક શખ્સ શંકાસ્પદ રીક્ષા સાથે આટાફેરા કરે છે.

દરમિયાન પ્રનગર પોલીસના પી.એસ.આઇ જે.બી. રાણીંગા તેમજ એ.એસ.આઇ રવિભાઈ વાઘેલા, હેડ કોન્સ્ટેબલ જેન્તીભાઈ વાવડીયા, મયુરરાજસિંહ જાડેજા. કૃપાલસિંહ ગોહિલ, કોન્સ્ટેબલ રિયાઝ ભાઈ ભિપોત્રા, વનરાજભાઈ બોરીચા, ચાપરાજભાઈ ખવડ, વિરેન્દ્રસિંહ તેમજ વિશ્વજીત ઝાલા સહિતની ની ટીમે બાતમી વાળી જગ્યાએ ત્રાટકીને એક શંકાસ્પદ રીક્ષા સાથે ઝડપી લીધો હતો. પૂછપરછ કરતા તેમણે બે રીક્ષા ચોરી હોવાની કબુલાત આપી હતી. આવા સમયે પોલીસે ધ્રોલ તાલુકાના જોડિયા ગામે દલિતવાસમાં રહેતા જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે લંગડી ગોવિંદ પરમારની અટક કરીને તેમની પાસેથી અઢી લાખની બે રીક્ષા કબજે કરી હતી. કબજે કરાયેલી રિક્ષામાં જીજે ૦૩ બીયુ ૬૬૩૯ તેમજ જીજે ૩૬ યુ ૦૨૦૩ નંબરની રીક્ષાનો સમાવેશ થાય છે.

અત્રે એ ઉલ્લેખની છે કે પ્રનગર પોલીસે ઉકેલેલા બે રીક્ષા ચોરીના બનાવની વધુ વિગતો એવી મળવા પામી છે કે ગત તા. ૦૨.૦૨.૨૦૨૬ના રોજ, જામનગર રોડ પર ભોમેશ્વર મેઈન રોડ પર આવેલા ભુતનાથ મંદિરમાં રહેતા હરદતગીરી મનસુખગીરી ગોસ્વામીએ પોતાની રીક્ષા મંદિર નજીકથી ચોરાઈ ગઈ હોવાની ૧૦ મી ફેબ્રુઆરીએ પ્રનગર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. જ્યારે ગઈ તા. ૨૭.૦૨ ના રોજ જુના મોરબી રોડ, ગિરિરાજ પાર્ટી પ્લોટની બાજુમાં,બાલાજી પાર્ક, શંકરના મંદિર સામે રહેતા જેન્તી નથુભાઈ બોસિયાએ પ્રનગર પોલીસ સ્ટેશનમાં પોતાની રીક્ષા સિવિલ



હોસ્પિટલના પાર્કિંગમાંથી ચોરાઈ ગઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. આ બંને રીક્ષા ચોરીના બનાવના ભેદ ઉકેલી પ્રનગર પોલીસે જોડિયાના લંગડીને દબોચી લઈને તેમને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી છે

# લાખો મહિલાઓનું સુરક્ષા કવચ અભયમના ૧૨ વર્ષ પૂર્ણ

## ૧૮૧ હેલ્પલાઈન રાજ્યની સંકટ સમયની સાચી સખી તરીકે ઉભર્યું : ૧૨ વર્ષમાં કુલ ૧૮.૧૦ લાખથી વધુ મહિલાઓને સલાહ-માર્ગદર્શન આપી સશક્ત કરાઈ

ગાંધીનગર, તા.૭

ગુજરાત એટલે શાંતિ, સલામતી અને સમૃદ્ધિનું પર્યાય. રાજ્યમાં વસતી પ્રત્યેક મહિલા પોતે સુરક્ષિત અનુભવે અને મુશ્કેલીના સમયે તેને કોઈ મજબૂત સાથ મળે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગુજરાત સરકાર સતત કાર્યશીલ છે. આ વર્ષે ૮મી માર્ચ, 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' ના રોજ ગુજરાતની મહિલાઓની સુરક્ષાની કરોડરજ્જુ સમાન '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન' પોતાની સફળ સેવાના ૧૨ વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે આવો જાણીએ તેની કામગીરી અને સિદ્ધીઓ વિશે.

મહિલાઓ વિરુદ્ધ થતી ઘરેલુ હિંસા હોય કે જાહેર સ્થળે થતી છેડતી, ગુજરાત સરકારે ટેકનોલોજી અને સંવેદનાનો સમન્વય સાધીને ૮ માર્ચ ૨૦૧૫ના રોજ '૧૮૧ અભયમનો રાજ્યવ્યાપી પ્રારંભ કર્યો હતો. આજે આ હેલ્પલાઈન માત્ર એક નંબર નથી, પણ લાખો મહિલાઓ માટે મજબૂત સુરક્ષા કવચ બની છે.

છેલ્લા ૧૨ વર્ષમાં ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ગુજરાતની મહિલાઓ માટે એક મજબૂત સુરક્ષા કવચ સાબિત થઈ છે. છેલ્લા ૧૨ વર્ષમાં કુલ ૧૮,૧૦,૯૧૩ થી વધુ મહિલાઓને જરૂરી સલાહ અને માર્ગદર્શન પૂરું પાડીને તેમને સશક્ત કરવામાં આવી છે. આ સેવા માત્ર ફોન પૂરતી સીમિત ન રહેતા, ૩,૬૦,૯૬૪ જેટલા કિસ્સાઓમાં અભયમની ટીમે ઘટના સ્થળ પર જઈને મહિલાઓને તાત્કાલિક મદદ પહોંચાડી છે.

આ ઉપરાંત ૧૮૧ ટીમની કુશળતાને કારણે ૨,૨૯,૬૬૦ કિસ્સાઓમાં કાઉન્સિલિંગ દ્વારા વિવાદોનો સ્થળ પર જ સુખદ નિકાલ લાવવામાં આવ્યો છે. સૌથી પ્રશંસનીય બાબત એ છે કે, અત્યંત જોખમી પરિસ્થિતિમાં મુકાયેલી ૧,૦૯,૮૮૬ મહિલાઓનું સફળતાપૂર્વક રેસ્ક્યુ કરી તેમને સુરક્ષિત આશ્રયસ્થાન સુધી પહોંચાડવામાં આવી છે.

ગુજરાત સરકારના ગૃહ વિભાગ અને મહિલા-બાળ વિકાસ વિભાગના




અદભૂત સંકલનથી આજે રાજ્યની મહિલાઓ માટે ટેકનોલોજીથી સજ્જ એક અભેદ્ય સુરક્ષા માળખું તૈયાર થયું છે. ૨૪x૭ કાર્યરત આ સેવામાં મહિલા પોલીસ કોન્સ્ટેબલ અને તાલીમબદ્ધ કાઉન્સિલર્સની ટીમ દિવસ-રાત ફરજ નીભાવે છે. રાજ્યમાં દોડતી ૫૯ અત્યાધુનિક અભયમ રેસ્ક્યુ વાન માત્ર વાહન નથી, પણ જીપીએસ ટ્રેકિંગથી સજ્જ એક મોબાઈલ સુરક્ષા કેન્દ્ર છે, જે દેશભરમાં એક નવતર પહેલ ગણાય છે.

ડિજિટલ યુગમાં મહિલાઓની સુરક્ષાને વધુ સ્માર્ટ બનાવતા '૧૮૧ મોબાઈલ એપ' માં આપવામાં આવેલા 'પેનિક બટન' અને 'ફોન શેકિંગ' જેવા ફીચર્સ મહિલાઓને મુશ્કેલીના સમયે ફોન કર્યા વગર પણ પોતાનું ચોક્કસ લોકેશન હેલ્પલાઈન સેન્ટર સુધી પહોંચાડે છે. આમ, પરંપરાગત મદદ અને આધુનિક ટેકનોલોજીના સંગમથી ગુજરાતની નારી આજે આત્મવિશ્વાસ સાથે પોતાને વધુ સુરક્ષિત અનુભવે છે.

આ હેલ્પલાઈન માત્ર હિંસા જ નહીં, પણ સાયબર ગુનાઓ, લગ્ન જીવનના વિખવાદો, કાનૂની જોગવાઈઓ અને સરકારી યોજનાઓની માહિતી પણ પૂરી પાડે છે. મહત્વની વાત એ છે કે, મદદ માંગનાર મહિલાની ઓળખ સંપૂર્ણપણે ગુપ્ત રાખવામાં આવે છે. ગુજરાતમાં રહેતી અન્ય રાજ્યની મહિલાઓ પણ આ સેવાનો નિઃશુલ્ક લાભ લઈ શકે છે.

નારી સુરક્ષા એ જ અમારી પ્રાથમિકતાના લક્ષ્યાંક સાથે ગુજરાત સરકાર કામ કરી રહી છે. આજે ૧૮૧ અભયમ હેલ્પલાઈન દ્વારા રાજ્યની દીકરીઓ અને મહિલાઓ ખરા અર્થમાં 'અભય' બનીને પ્રગતિના પંથે આગળ વધી રહી છે.

## બેસણું



**સ્વ.- ઇન્દ્રાબા જયેન્દ્રસિંહ જાડેજા**

સ્વ.તા. ૫-૩-૨૦૨૬ ફાગણ વદ-૨ ને ગુરુવાર

દિલગીરી સાથે જણાવવાનું કે ઘંટેશ્વર નિવાસી અમારા માતુશ્રી સ્વ. ઇન્દ્રાબા જયેન્દ્રસિંહ જાડેજા તા. ૫-૩-૨૦૨૬ ફાગણ વદ-૨ ને ગુરુવાર ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. પરમ કૃપાળુ પરમાત્મા એમની આત્માને શાંતિ અર્પે એ જ પ્રભુને પ્રાર્થના...

**બેસણું**

તા. ૯-૩-૨૦૨૬, સોમવાર ના રોજ
સાંજે ૪:૦૦ થી સાંજે ૬:૦૦ કલાક સુધી રાખેલ છે.

**સ્થળ**

ગામ : ઘંટેશ્વર (રાજકોટ)

લી.

પૃથ્વીરાજસિંહ હેમંતસિંહ જાડેજા (ઘોઘુભા)
ભગીરથસિંહ જયેન્દ્રસિંહ જાડેજા
હરિચંદ્રસિંહ જયેન્દ્રસિંહ જાડેજા (હસુભા)

### કર્જમાંથી મુક્તિ મેળવવા જતાં ગઠીયાઓની લપેટમાં આવી ગયા


# ફેસબૂકમાં ક્લીક કરી ગુમાવ્યા પોણાચાર લાખ

રાજકોટ,તા.૭

સાયબર ગઠીયાઓએ વધુ એક વખત સોશિયલ મિડીયાનો ઉપયોગ કરી ઠગાઇ કરી લીધી છે. એક વૃધ્ધે ફેસબૂક પર કર્જ મુક્તિની જાહેરાત જોઇને ક્લીક કરતાં જ મદદ મળવાને બદલે ગઠીયાગીરીનો ભોગ બની ગયા હતાં. ભેજાબાજોએ આ વૃધ્ધને તમે ખોટુ કર્યુ છે તમારી ધરપકડ થઇ શકે છે તેમ કહી ડરાવી ધમકાવી રૂપિયા પડાવી લીધા હતા. બીજી તરફ લોનના નામે અનેક લોકોના લાખો ઉસેડી લેવાયાની ઘટના બની છે.

પ્રથમ ફ્રોડ જોઇએ તો નડિયાદના એક ચોસઠ વર્ષીય વૃદ્ધ સાથે સોશિયલ મીડિયાના માધ્યમથી લાખો રૂપિયાની છેતરપિંડીની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ફેસબુક પર કર્જ મુક્તિની જાહેરાત જોઈને મદદ માંગવા ગયેલા વૃદ્ધ પાસેથી ભેજાબાજોએ ધરપકડનો ભય બતાવી કટકે કટકે ૩.૬૪ લાખ રૂપિયા પડાવી લીધા હતા. નડિયાદના સિવિલ હોસ્પિટલ રોડ પર આવેલી જોગેશ્વરી સોસાયટીમાં રહેતા ૬૪ વર્ષીય રાજેશભાઈ સરૈયા હાલમાં એક હોસ્પિટલની કેન્ટીનમાં એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. ફેસબુક સર્ફિંગ દરમિયાન તેમની નજર એક જાહેરાત પર પડી, જેમાં ૬૦ થી ૮૦ ટકા સુધીની લોન માફીની લાલચ આપવામાં આવી હતી. આ કર્જ મુક્તિ અભ્યિાન સાચું હોવાનું માની રાજેશભાઈએ તેમાં આપેલા નંબર પર સંપર્ક કર્યો હતો.

બીજી તરફ સામે છેડે બેઠેલા ઠગબાજોએ લોન માફીની અરજી તૈયાર કરવાના બહાને પહેલા માત્ર ૪૯૯ રૂપિયા ઓનલાઇન મંગાવ્યા હતા. રાજેશભાઈએ વિશ્વાસ મૂકી આ રકમ ટ્રાન્સફર કરી. ત્યારબાદ ઇ-મેઇલ પ્રોસેસના નામે વધુ ૧૪૯૯ રૂપિયા પડાવ્યા. જ્યારે રાજેશભાઈને શંકા ગઈ અને તેમણે વધુ પૈસા આપવાની ના પાડી, ત્યારે ભેજાબાજોએ પોતાનો અસલી ચહેરો બતાવ્યો અને તેમને પોલીસ કેસ તથા ધરપકડની ધમકી આપવાનું શરૂ કર્યું. આરોપીઓએ શાહનવાઝ ચૌધરી, વસીમ અકરમ અને સુનિત મેડમ જેવા અલગ-અલગ નામો ધારણ કરીને રાજેશભાઈને સતત ફોન કર્યા. તેમણે એવો ભય બતાવ્યો કે તમારી વિરૂધ્ધ પોલીસ ફરિયાદ થઈ છે અને જો



અન્ય કિસ્સામાં લોનના નામે પચાસથી વધુ લોકો સાથે લાખોની ઠગાઇ

ધરપકડથી બચવું હોય તો દંડ ભરવો પડશે.

ગભરાયેલા વૃદ્ધે કટકે કટકે ટૂંકા ગાળામાં કુલ ૩૨ વખત અલગ-અલગ ક્યુઆર કોડ પર કુલ ૩,૬૪,૯૬૧ રૂપિયા ટ્રાન્સફર કરી દીધા. વારંવાર નાણાંની માંગણી ચાલુ રહેતા અંતે કંટાળીને રાજેશભાઈએ આખી હકીકત પોતાના પુત્રને જણાવી. પુત્રને તુરંત સમજાઈ ગયું કે તેના પિતા સાયબર ફ્રોડનો શિકાર બન્યા છે. તેમણે તાત્કાલિક નેશનલ સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ ઉપર ફરિયાદ નોંધાવી. આ મામલે નડિયાદ ટાઉન પોલીસે પાંચ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આમ આ પણ ગઠીયાઓનો એક નવો નુસ્ખો હતો જેનો ઉપયોગ કરીને તેણે વૃધ્ધને છેતરી લીધા હતાં. સાયબર ફ્રોડની દુનિયામાં એક ભુલો ત્યાં બીજા પાંચ નવા નુસ્ખા ગઠીયાઓ પાસે હાજર હોય છે. તેનો આ ઘટના પુરાવો છે. નડિયાદના ઉત્તરસંડા રોડ ઉપર ઓફિસ ખોલીને, જરૂરિયાતમંદોને લોન આપવાની લાલચ આપીને લાખોની ઠગાઇ કર્યા બાદ રાતોરાત ઓફિસને તાળાં મારી ફરાર થઇ ગયેલાં પેઢીના સંચાલકો સામે ૫૦થી વધુ અરજદારોએ નડિયાદ ટાઉન પોલીસ મથકમાં રજૂઆત કરી છે. ઉત્તરસંડા રોડ ઉપર આવેલાં કોમ્પલેક્ષમાં કેપિટલ ફાઇનાન્સ એન્ડ કન્સલ્ટન્સી નામની પેઢી ખોલીને લોકોને લોન અપાવવાની લાલચ આપી અનેક લોકો સાથે ઠગાઈ આચરવામાં આવી હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. ખેડા જિલ્લાના ડાકોર, ઠાસરા અને નડિયાદના આશરે પચાસથી વધુ અરજદારોએ ગુરૂવારે નડિયાદ ટાઉન પોલીસ મથકે લેખિત રજૂઆત કરી હતી. સોશિયલ મીડિયા પર લોન સંબંધિત લોભામણી પોસ્ટ જોઈને લોકો આ કન્સલ્ટન્સીએ પહોંચ્યા હતા. જ્યાં સંચાલકોએ વ્યવસ્થિત નેટવર્ક ગોઠવીને વર્તમાન પત્રોમાં પણ જાહેરાત આપી હતી. જેના કારણે લોકોએ વિશ્વાસ મૂકીને બચતના નાણાં ડિપોઝિટ પેટે જમા કરાવી દીધા હતા. શરૂઆતમાં લોકોને વિશ્વાસમાં લઇ, લોન મંજૂર કરવાના બહાને ફાઈલ ચાર્જ, ડોક્યુમેન્ટ વેરિફિકેશન અને ખાસ કરીને વીમા પ્રીમિયમ પેટે રૂપિયા વસૂલવામાં આવ્યા હતા. જોકે, પૈસા આપ્યા બાદ પણ લોન ન મળતાં અને સંચાલકો યોગ્ય જવાબ ન આપતાં હોવાથી અંતે પોતે છેતરાયા હોવાનું માલુમ પડતાં ગુરૂવારે પચાસ જેટલાં લોકો નડિયાદ ટાઉન પોલીસ મથકે દોડી ગયા હતા. ભુતકાળમાં પણ નડિયાદમાં એક નહીં પણ ત્રણથી વધુ વાર લોકો સાથે વળતરના નામે છેતરપિંડી કરવામાં આવી હતી અને બાદમાં રાતોરાત ઓફિસને તાળાં લાગી ગયા હતા. જેમાં લાખો ને કરોડો રૂપિયા પડાવીને ઠગો ફરાર થઇ ગયા હતા. શહેરના વિરગો કોમ્પલેક્ષમાં, પ્લેટિનમ પ્લાઝામાં ઓફિસ ખોલીને લોભામણી લાલચ આપીને લોકોને ઠગ ટોળકી ઠગી ગઇ હતી.

---

### ગમે તેમ કરીને જેને ગરીયા જ ફેરવવા છે એવા ગઠીયાનો ગામોગામ વસવાટ

# વિશ્વાસ કેળવી પિત્તળ લઇ જઇ ૭ લાખનો ચૂનો

**લોહાણાપરાના વેપારી સાથે સોદો કરી શખ્સે ગાડીમાં માલ ભરાવ્યોઃ આંગડીયા કર્મીના નામે ફોન કરાવી પૈસા આવી ગયા કહ્યુંઃ વેપારી પેઢીએ પૈસા લેવા ગયા તો ખબર પડી કે કોઇ પૈસા નથીઃ પરત આવ્યા તો પિત્તળનો ભંગાર ભરેલી ગાડી લઇ ચાલક પણ ભાગી ગયોઃ એ-ડિવીઝન પોલીસની તપાસ**

રાજકોટ,તા.૭

ગામને ગમે તેમ કરીને છેતરીને બૂચ મારી દઇ પોતાના ગજવા ભરી લેવાના ધંધા કરતાં ગઠીયાઓ ગામે ગામ હોય છે. આ પ્રકારના છેતરપીં ડીના બનાવો સતત પોલીસ સામે આવતાં રહે છે. આવી જ એક ઘટના સામે આવી છે જેમાં લોહાણાપરાના પિત્તળના વેપારીને ગઠીયો શહેરના ૧૫૦ ફુટ રિંગ રોડ પર રહેતા અને લોહાણાપરા વિસ્તારમાં પીતળના ભંગારનો ડેલો ધરાવતા વેપારી સાથે આયોજનબધ્ધ રીતે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો બનાવ બન્યો છે. મોરબીમાં ભઠ્ઠી ધરાવતા હોવાની ઓળખ આપી એક શખ્સે વેપારી પાસેથી લાખો રૂપિયાનો પીતળનો ભંગાર મંગાવ્યો હતો અને પેમેન્ટ આંગડિયા પેઢીમાં જમા થઈ ગયાનો બનાવટી ફોન કરાવીને માલ ભરેલી ગાડી ભગાડી મુકી હતી. વેપારીએ પોલીસને જાણ કરતાં કાર્યવાહી થઇ છે.




આ બનાવમાં એ-ડિવીઝન પોલીસે રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસે આફ્રિકા કોલોની-૪ રામ વિલા ફ્લેટ નં. ૫૦૧ ખાતે રેહતાં પાંત્રીસ વર્ષના વેપારી હર્ષિતભાઇ અશ્વીનભાઇ કાગડાની ફરિયાદ પરથી યાજ્ઞિક પટેલ અને જીજે૦૩સીયુ-૦૯૨૧ના ચાલક સામે ૭,૨૩,૦૦૦નો પિત્તળનો ભંગાર છેતરપીંડીથી લઇ જવા સબબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. બનાવની વધુ વિગત મુજબ વેપારી હર્ષિતભાઈ લોહાણાપરામાં પિત્તળના ભંગારનો ડેલો ધરાવે છે. તેમના ડેલા પર અગાઉ એકાદ વર્ષ પહેલા યાજ્ઞિક પટેલ નામનો શખ્સ આવ્યો હતો અને તેણે પોતાની ઓળખ મોરબીમાં પીતળ ગાળવાની ભઠ્ઠી ધરાવતા હોવાની આપી હતી.

વધુ માહિતી મુજબ ગત ચોવીસ ફેબ્રુઆરીના રોજ યાજ્ઞિકે વેપારીને ફોન કરી પીતળના ભંગારની જરૂરિયાત હોવાનું જણાવી ઓર્ડર આપ્યો હતો. બીજા દિવસે વેપારીએ ૧૦૨૪.૫૦૦ કિલો પીત્તળનો જથ્થો તૈયાર રાખ્યો હતો, જેનો કુલ ભાવ રૂ. ૭,૨૩,૨૦૦ નક્કી કરવામાં આવ્યો હતો. યાજ્ઞિકે આ પેમેન્ટ ગોંડલ રોડ પર આવેલી કનુ કાંતિલાલ આંગડિયા પેઢીમાં મોકલાવી આપવાનો વાયદો કર્યો હતો. બપોરના સમયે યાજ્ઞિકે મોકલેલી મહિન્દ્રા માલવાહક ગાડી નંબર જીજે૦૩સીયુ-૦૯૨૧ વેપારીના ડેલા પર પહોંચી હતી.

જેમાં વેપારીએ માલ ભરી આપ્યો હતો. વેપારીએ શરત રાખી હતી કે પેમેન્ટ મળે પછી જ ગાડી અહીંથી જવા દેશે. દરમિયાન સાડા ત્રણ વાગ્યાની આસપાસ વેપારી પર એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને સામેની વ્યક્તિએ પોતે કનુ કાંતિલાલ આંગડિયા પેઢીમાંથી બોલતા હોવાનું કહીને રૂ. ૭.૨૩ લાખનું પેમેન્ટ આવી ગયાનું જણાવ્યું હતું.

વેપારી જ્યારે આંગડિયા પેઢી પર પેમેન્ટ લેવા પહોંચ્યા ત્યારે જાણવા મળ્યું કે આવું કોઈ પેમેન્ટ આવ્યું નથી અને પેઢીમાંથી કોઈએ ફોન પણ કર્યો નથી. વેપારી તાત્કાલિક પેઢી પરથી પાછા ડેલા પર આવ્યા તો ત્યાંથી માલ ભરેલી ગાડી નીકળી ગઈ હતી. ડ્રાઈવર આસિફ રાવકુડા અને મુખ્ય સુત્રધાર યાજ્ઞિક પટેલના ફોન કરતા પહેલા તો તેમણે ફોન ઉપાડ્યા નહોતા અને બાદમાં સ્વીચ ઓફ કરી દીધા હતા. દોઢ કલાક બાદ ડ્રાઈવરે ફોન ઉપાડીને એવું બહાનું કાઢ્યું હતું કે તેણે નીકાવા પાસે યાજ્ઞિક પટેલને માલ બીજી રિક્ષામાં ભરાવી દીધો છે અને તેઓ જામનગર બાજુ ગયા છે.

પોતાની સાથે થયેલી આ સુનિયોજિત છેતરપિંડી અંગે હર્ષિતભાઈએ આખરે પોલીસ ફરિયાદ નોંધાવી છે. પીઆઇ બી. વી.સ બોરીસાગરની રાહબરીમાં હેડકોન્સ. વાય. એમ. ગોહિલે ગુનો દાખલ કરી આંગડિયા પેઢીના નામે આવેલા ફેક કોલ અને ગાડીના નંબરના આધારે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. આમ વિશ્વાસ કેળવી ભંગારના સોદાના નામે ગઠીયાગીરી થઇ જતાં લોહાણાપરાના અન્ય વેપારીઓમાં પણ ચર્ચા જાગી છે. પોલીસે આરોપીઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી હતી.

---

### ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના કાર્યાલયે સાંસદ રૂપાલાના અધ્યક્ષ સ્થાને મળી બેઠક

# કોઠારિયા ચોકડીએ પિલર બ્રીજ બનાવો

રાજકોટ, તા.૭

રાજકોટ જેતપુર નેશનલ હાઈવે પર માર્કેટિંગ યાર્ડ અને કોઠારીયા ચોકડીએ 'પિલર બ્રિજ' બનાવવા બાબતે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના કાર્યાલયે મહત્વની બેઠક યોજાઈ હતી.

રાજકોટ શહેરમાંથી થતા નેશનલ હાઈવે પર વધતી જતી ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ અને શહેરના સુવ્યવસ્થિત વિકાસ અર્થે ધારાસભ્ય રમેશભાઈ ટિલાળાના કાર્યાલય ખાતે સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાના અધ્યક્ષસ્થાને નેશનલ હાઈવે પ્રોજેક્ટ ટીમના અધિકારીઓ સાથે વિવિધ મુદ્દાઓ પર વિસ્તૃત પરામર્શ કરવા મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું.

રાજકોટ માર્કેટિંગ યાર્ડ અને કોઠારીયા ચોકડી પાસે આવેલા બ્રિજને 'પિલર બ્રિજ' માં રૂપાંતરિત કરવા અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ વિસ્તારની અનેક રહેણાંક



સોસાયટીઓને ધ્યાને રાખી, પિલર બ્રિજ બનાવવાથી નીચેના ભાગે પૂરતી જગ્યા પ્રાપ્ત થશે. જે ટ્રાફિકના ભારણને હળવું કરવામાં અને સ્થાનિક વાહનચાલકોની સુવિધામાં નોંધપાત્ર વધારો કરશે તેવું મનાય છે.

કોઠારીયા ચોકડી બ્રિજ, આજી નદી બ્રિજ અને ખોખળદળ નદીના બ્રિજને વર્તમાન જરૂરિયાત મુજબ પહોળા કરવા અંગે પરામર્શ કરવામાં આવ્યો હતો. તેની સાથે જ હાઈવેની બંને બાજુ સુવિધાસભર સર્વિસ રોડના નિર્માણ પર ભાર મૂકવામાં આવ્યો હતો અને ગ્રીનલેન્ડ ચોકડી ખાતે ટ્રાફિકના સુગમ સંચાલન માટે આધુનિક ક્રોસિંગ વ્યવસ્થા ઉપલબ્ધ કરાવવા બાબતે પણ વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાની સાથે ધારાસભ્ય રમેશભાઈ ટિલાળા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, વલ્લભભાઈ દુધાત, યોગેન્દ્રસિંહ તેમજ અન્ય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને શહેરના હિતમાં મહત્વના સૂચનો રજૂ કર્યા હતા.

---

### હું અલગ અલગ રાજ્યોના વેપારીઓ સાથે કોન્ટેક્ટમાં છું, એવા ફાકા મારી ખેલ કર્યો

# સાત લાખના ચાંદીના કડા લઈ માર્યો ધૂંબો

**વેંચવાના બહાને માલ લઇ ગયો પછી દેખાયો જ નહિઃ જે એડ્રેસ લખાવેલુ ત્યાં વેપારીએ તપાસ કરતાં આવુ કોઇ મળ્યું નહિઃ બી-ડિવીઝન પોલીસમાં નોંધાઇ એફઆઇઆર**




રાજકોટ,તા.૭

ગમે તેમ કરીને ગઠીયાગીરી કરીને લેભાગુઓ પોતાના ગજવા ભરી લેતાં હોય છે. આવી વધુ એક ઘટનામાં સામા કાંઠાના ચાંદીના વેપારી સાથે ફ્રોડ થઇ ગયું છે. પોતાને મોટો ચાંદીના દાગીનાનો એજન્ટ ધરાવતો અને રાજ્યભરમાં પોતે વેપારીઓ સાથે કોન્ટેક્ટ ધરાવે છે એવા ફાંકા મારી ઓળખાણ કેળવી વેપારીનો વિશ્વાસ જીતી એક શખ્સ ચાંદીના પંજાબી કડા લઇ ગયો હતો. જો કે છ લાખની કિંમતના આ કડા પછી તેણે પાછા ન દઇ અને તેની રકમ પણ ન આપી ઠગાઇ કરી લેતાં પોલીસ સુધી મામલો પહોંચ્યો છ. આ બનાવની વિગતો પર નજર કરીએ તો શહેરના પેડક રોડ પર સેટેલાઈટ ચોક પાસે રહેતા અને વર્ષોથી ચાંદીના દાગીનાનું મજૂરીકામ તથા છૂટક વેચાણ કરતા વેપારી સાથે એક શખ્સે પોતાની ઓળખ ચાંદીના મોટા એજન્ટ તરીકે આપી, વિશ્વાસ કેળવીને અંદાજે ૬.૫ કિલોગ્રામ વજનના ચાંદીના કડાનો માલ લઇ જઇ પૈસા ન ચુકવતાં પોલીસે તપાસ હાથ ધરી હતી. બી-ડિવીઝન પોલીસે પેડક રોડ ગાંધી સ્મૃતિ સોસાયટી-૨ શેરી નં. ૩માં રહેતાં પિસ્તાલીસ વર્ષના મુકેશભાઇ ઘેલાભાઇ ડાભીની ફરિયાદ પરથી ભોમેશ્વર શ્રમજીવી સોસાયટી-૧૨માં રહેતાં મહેશ ઉકાભાઇ ઠુમ્મર વિરૂધ્ધ ગુનો એફઆઇઆર દાખલ થઇ છ.

વિશેષ વ્ગિતો અનુસાર મુકેશભાઇ ઘરે બેઠા વીસ વર્ષથી ચાંદીની મજુરી કરે છે અને દાગીના વેંચે છે. તેમણે બનાવની વિગત એવી છે કે ગત સપ્ટેમ્બર ૨૦૨૫માં મુકેશભાઈના કાકાના દીકરા મારફતે મહેશભાઈ ઠુમ્મર નામના શખ્સે વેપારીનો સંપર્ક કર્યો હતો. મહેશભાઈએ પોતાને માંડવી ચોક સોની બજારમાં હોલસેલની દુકાન હોવાનું અને પોતે અન્ય રાજ્યોમાં ચાંદીનો માલ વેચતા હોવાનું જણાવી વેપારીનો વિશ્વાસ જીત્યો હતો. તેણે અલગ-અલગ સાઈઝના કુલ ૨૬૦ નંગ પંજાબી કડાનો ઓર્ડર આપ્યો હતો. જ્યારે માલ તૈયાર થયો ત્યારે તા. ૨૦/૦૯/૨૦૨૫ના રોજ મહેશભાઈ જાતે દુકાને પહોંચ્યો હતો અને માલ હું અત્યારે લઈ જાવ છું, તમે બિલ લઈને મારી દુકાને આવજો, હું તમને સામે ચાંદીના ચોરસા-શુધ્ધ ચાંદી આપી દઈશ તેમ કહી ૬.૫ કિલો ચાંદીનો માલ લઈ ગયો હતો. જ્યારે વેપારીનો પુત્ર હિરેન સોની બજારમાં ચાંદીના ચોરસા લેવા ગયો ત્યારે મહેશભાઈએ ફોન પર અલગ-અલગ બહાના કાઢી તેને ટટળાવ્યો હતો. ત્યારબાદ તેણે પોતાનો ફોન બંધ કરી દીધો હતો. વેપારીએ જ્યારે મહેશભાઈએ આપેલા રાધામીરા સોસાયટીના સરનામે તપાસ કરી તો જાણવા મળ્યું કે તે સરનામું ખોટું હતું.

અંતે વેપારીએ જાતે તપાસ કરી મહેશભાઈને ભોમેશ્વર વિસ્તારની શ્રમજીવી સોસાયટીમાં શોધી કાઢ્યો હતો. ત્યાં પણ મહેશભાઈએ થોડા દિવસોમાં રૂપિયા કે ચાંદી પરત આપી દેવાના ખોટા વાયદાઓ કરીને સમય પસાર કર્યો હતો. લાંબો સમય વીતવા છતાં અને વારંવારની ઉઘરાણી છતાં મહેશભાઈએ ૭૦ ટચની ૬ કિલો ૫૦૦ ગ્રામ ચાંદી, જેની બજાર કિંમત અંદાજે ૬,૮૦,૦૦૦ રૂપિયા થાય છે, તે પરત આપી નહોતી. એજન્ટ હોવાનું ખોટું નાટક કરી વિશ્વાસઘાત કરનાર મહેશ ઠુમ્મર સામે આખરે મુકેશભાઈએ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ઈન્સપેક્ટર એસ. એસ. રાણેના માર્ગદર્શનમાં એએસઆઇ કે. વી. ગોહિલે એફઆઇઆર દાખલ કરી તપાસ આરંભી હતી.

---

### પારકા તો ઠીક ઘરના જ બખેડા કરે ત્યારે વાત ડખ્ખે ચડે

# જો તું ફરિયાદ પાછી નહિ ખેંચ તો ઝેર પી લઈશઃ વૃધ્ધને સગા બહેનની ધમકી

**રૈયાધાર રહેતાં વૃધ્ધે ભાણેજ વિરૂધ્ધ કરેલા પોલીસ કેસ મામલે બહેને કરી બબાલઃ યુનિવર્સિટી પોલીસમાં થઇ ફરિયાદ**

રાજકોટઃ લોકો વચ્ચે કોઇને કોઇ કારણોસર માથાકુટ થતી રહે છે. વધુ એક બનાવમાં આવો ડખ્ખો પોલીસ સુધી પહોંચ્યો છે. પણ અહિ ફરિયાદી અને આરોપી બંને ભાઇ-બહેન થાય છે. રૈયાધાર વિસ્તારમાં રહેતાં પ્રૌઢને અગાઉની પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવાનું કહી તેના સગા બહેને હેરાન પરેશાન કરી ધમકી આપતાં એફઆઇઆર થઇ છે.

વિગતો જોઇએ તો આ બનાવમાં યુનિવર્સિટી પોલીસે રૈયાધાર ઇન્દિરાનગર-૧૨માં રહેતાં રાજુભાઇ પ્રેમજીભાઇ મુછડીયાની ફરિયાદ પરથી વેજાગામમાં રહેતાં તેમના બહેન શાંતાબેન હમીરભાઇ મેરીયા સામે ગુનો દાખલ કર્યો છે. રાજુભાઈએ આક્ષેપ કર્યો છે કે તેમની બહેન દ્વારા અગાઉ નોંધાવેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા માટે તેમને અવારનવાર માનસિક રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે અને ગંભીર ધમકીઓ આપવામાં આવી રહી છે. તા.૬ના સાંજે સાડા ચારેક વાગ્યાના અરસામાં રાજુભાઈ જ્યારે તેમના પત્નિ નાથીબેન સાથે ઘરે હતા.

આ વખતે વેજાગામ ખાતે રહેતી તેમની નાની બહેન કાન્તાબેન અચાનક તેમના ઘરે આવી પહોંચયા હતાં અને ઉગ્ર દલીલો શરૂ કરી હતી અને કહ્યું હતુ કે-તમે મારા દીકરાઓ વિરૂધ્ધ જે પોલીસ ફરિયાદ કરી છે તે તાત્કાલિક પાછી ખેંચી લો અને સમાધાન કરી નાખો. જ્યારે રાજુભાઈએ સમાધાન કરવાની સ્પષ્ટ ના પાડી ત્યારે કાન્તાબેને તેમને ડરાવવા માટે જો તમે ફરિયાદ પાછી નહીં ખેંચો તો હું ઝેરી દવા પી જઈશ તેવી આત્મહત્યાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવ્યું હતું. રાજુભાઈએ પોલીસને જણાવ્યું હતુ કે તેમની બહેન અગાઉ પણ અનેકવાર આ બાબતે દબાણ કરવા આવી ચુકી છે.

આ ઉપરાંત તેમને કાન્તાબેનના સાસરીયા પક્ષ તરફથી પણ પોતાના આખા પરિવાર પર જોખમ હોવાનો સતત ડર રહેતો હતો. ગબહેને ઘરમાં આવીને ધમાલ મચાવતા અને ધમકી આપતા ગભરાઈ ગયા હતા અને તુરંત ૧૧૨ નંબર પર ડાયલ કરી પોલીસની મદદ માંગી હતી. પોલીસની ગાડી ઘરે આવતા મામલો થાળે પડ્યો હતો. પીઆઇ એચ. એન. પટેલની રાહબરીમાં એએસઆઇ મુકેશભાઇ ચરમટાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

### જુના મોરબી રોડ પર જકાતનાકા પાસે મોડી રાતે થતો હતો દેકારોઃ પોલીસ પહોંચતા નાસભાગ

# ધારીયા-છરીઓ, બોટલો સાથે કાર જપ્ત

## કાર મુકી ભાગેલા હર્ષદીપ ખાચર સહિત બે જાણાને શોધતી પોલીસઃ જેની સાથે માથાકુટ હતી એ શખ્સે પોતાને સમાધાનની વાત ચાલે છે કહી ફરિયાદ ન નોંધાવીઃ બી-ડિવીઝન પોલીસે ગુનો દાખલ કર્યો

રાજકોટ,તા.૭

શાંત શહેર રાજકોટમાં કોણ ક્યારે અશાંતિનો માહોલ ઉભો કરી દે તે નક્કી હોતું નથી. આ દરમિયાન પોલીસની સમય સુચકતા અને કડક નાઇટ પેટ્રોલીંગ વચ્ચે એક મોટી માથાકુટ થતાં અટકી ગઇ છે. જુના મોરબી રોડ પર મોડી રાતે બી-ડિવીઝન પોલીસને પેટ્રોલીંગમાં આવતી જોઇ બે શખ્સ કાર મુકી ભાગી ગયા હતાં. જેની સાથે માથાકુટ થઇ રહી હતી એ શખ્સ ત્યાં હાજર હતો. આ શખ્સે પોતાને ફરિયાદ નથી કરવી તેમ કહેતાં પોલીસે ભાગી ગયેલા શખ્સોની કાર કબ્જે કરી તપાસ કરતાં અંદરથી ધારદાર ધારીયા, છરીઓ, કાચની અડતાલીસ બોટલો મળી આવતાં બે શખ્સ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ આરંભી હતી.

વિગતો પર નજર કરીએ તો શહેરના જુના મોરબી રોડ પરના જકાતનાકા નજીક રાત્રીના એક કાર પાસે ત્રણ શખ્સો જોર જોરથી બુમો પાડી માથાકુટ કરતાં હોઇ એ વખતે જ બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના પીઆઇ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળતાં પોલીસને જોઇ કાર મુકી બે શખ્સ ભાગી ગયા હતાં. જેની સાથે માથાકુટ થઇ રહી હતી એ શખ્સને અને રેઢી પડેલી કારને પોલીસ સ્ટેશને લઇ જઇ તપાસ કરવામાં આવી હતી. આ શખ્સે પોતાને ભાગી ગયેલા શખ્સ સાથે માથાકુટનું સમાધાન કરી લેવાનું હોઇ ફરિયાદ નોંધાવવી નહિ હોવાનું જણાવ્યું હતું. પોલીસે કારની તપાસ કરતાં તેમાં ખોટા નંબર લગાવેલા હોવાનું જણાયું હતું. પોલીસે વધુ તપાસ કરતાં આ કારની સાચી નંબર પ્લેટ ડેકીમાંથી મળી હતી. આ સાથે કારમાંથી ધારીયા, છરી અને ડેકીમાંથી ૪૮ કાચની બોટલો મળી આવી હતી. કોઇ મોટી માથાકુટને અંજામ આપવા આ હથીયારો, બોટલો કારમાં રખાયા હોવાનું જણાયું હતું.



કાર માલિક સહિત બેની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. આ બનાવમાં બી-ડિવીઝન પોલીસ સ્ટેશનના હેડકોન્સ. સંદિપભાઇ અવાડીયાની ફરિયાદ પરથી હર્ષદીપ ખાચર તથા અજાણ્યો અને તપાસમાં ખુલે તેની સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરવામાં આવી હતી.

સંદિપભાઇએ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાતે અગીયારેક વાગ્યે હું તથા પીઆઇ એસ. એસ. રાણે, ડ્રાઇવર કોન્સ. વિજયભાઇ હુંબલ સહિતનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો ત્યારે રાતે સાડા અગીયારેક વાગ્યે જુના મોરબી રોડ જુના જકાતનાકા નજીક પહોંચતા એક ઓડી કાર સાથે બે ત્રણ શખ્સો ઉભા હોઇ અને જોર જોરથી દેકારો કરતાં હોઇ તેમજ એક શખ્સના હાથમાં ધારીયું હોઇ અમે ત્યાં જતાં બે શખ્સ ભાગી ગયા હતાં. ત્યાં ઉભેલા શખ્સને નામ પુછતાં પોતે નૈમિષ ગોહેલ હોવાનું અને તેની સાથે હર્ષદીપ ખાચર તથા અજાણ્યો શખ્સ ઝઘડો કરતાં હોવાનું કહ્યું હતું.

આથી અમે નૈમિષ ગોહેલને પોલીસ સ્ટેશને લાવ્યા હતાં અને ત્યાં સિલ્વર રંગની ઓડી કાર જીજે૦૧આરસી-૫૨ પડી હોઇ તપાસ માટે આ કાર પોલીસ સ્ટેશને લાવ્યા હતાં. અહિ નૈમિષ ગોહેલે પોતાને સામેવાળા હર્ષદીપ ખાચર સાથે સમાધાનની વાત ચાલુ હોઇ પોતાને કોઇ ફરિયાદ કરવી ન હોઇ તેમજ કોઇ અરજી કરવી ન હોઇ તેવું કહેતાં તેને નિવેદન આપવાનું કહ્યું હતું. પરંતુ તેણે નિવેદન પણ આપવું ન હોઇ તેમ કહ્યું હતું અને પોલીસ સ્ટેશનેથી જતાં રહ્યા હતાં. આ પછી અમે પંચની હાજરીમાં તથા હેડકોન્સ. હિતેષભાઇ કોઠીવાળ સહિતનાએ મળી કારની તલાશી લેતાં તેમાં પાછળની સીટમાંથી બે ધારીયા, ત્રણ પ્લાસ્ટીકના હાથાવાળી સ્ટીલની છરીઓ મળી હતી. આ ઉપરાં તડેકી ખોલીને જોતાં તેમાં પ્લાસ્ટીકના એક ગલામાં કાચની ૨૪ બોટલો અને બીજા ગાલામાં બીજી ૨૪ બોટલો મળી હતી. કુલ ૪૮ કાચની બોટલો મળી આવી હતી. તેમજ અંદરથી નંબર પ્લેટ મળી હતી જે સરકાર માન્ય હતી. તેના નંબર જીજે૦૧આરસી-૨૬૫૨ હતાં. જો કે કારમાં જે નંબર પ્લેટ હતી તેના નંબર જીજે૧આરસી-૫૨ હતાં.

આ કારના ચેસીસ નંબર, એન્જિન નંબરને આધારે ઇ-ગુજકોપ એપમાં સર્ચ કરતાં કારના સાચા નંબર ૨૬૫૨ હોવાનું ખુલ્યું હતું. જેથી જણાયું હતું કે આ કાર લઇને આવેલા અને પોલીસને જોઇ ભાગી ગયેલા શખ્સો કોઇ ગંભીર ગુનાહિત પ્રવૃતિ કરવાના ઇરાદાથી જ આવ્યા હતાં. પણ પોલીસને જોઇ ભાગી ગયા હોઇ સરકાર તરફે ફરિયાદી બની જાહેરનામા ભંગનો ગુનો દાખલ કરી ૧૦ લાખની ઓડી કાર કબ્જે કરી હતી.

તેમજ કારમાંથી મળેલી બે છરી, પ્લાસ્ટીકના ગાલઓમાં રાખેલી કાચની ૪૮ બોટલો, બે ધારદાર ધારીયા, ખોટી નંબર પ્લેટ પણ કબ્જે કરાયા હતાં. આ ઓડી કાર હર્ષદીપ ખાચર તથા તેની સાથે ભાગેલા શખ્સ હસ્તકની હોઇ બંને વિરૂધ્ધ ગુનો નોંધી શોધખોળ શરૂ કરવામાં આવી છે. જો પોલીસ સમયસર પહોંચી ન હોત તો કદાચ મોટી માથાકુટ કે ગંભીર ઘટના બની હોત તેવુ જણાય છે.

---

### સાયબર ગઠીયાઓ અજમાવી રહ્યા છે અજબ ગજબના નુસ્ખા

# ભેંસની લોન માટેના નાણા ખાતામાંથી બારોબાર છૂ

રાજકોટ,તા.૭

સાયબર ગઠીયાઓ રોજબરોજ ઓનલાઇન શિકાર બનાવી લોકોને છેતરી લાખો ઉસેડી લેતાં હોય છે. વધુ એક ઘટના સામે આવી છે જેમાં યુવાને ભેંસ ખરીદવા માટે લીધેલી લોનની રકમ તેના ખાતામાં જમા થઇ હતી તે રકમ બારોબાર ઉપડી ગઇ હતી. ગજબની આ સાયબર ફ્રોડની ઘટનાની પોલીસે તપાસ શરૂ કરી છે.

વિગતો જોઇએ તો બનાવ નડીયાદના ઠાસરાના પીપલવાડાના તેત્રીસ વર્ષીય યુવક સાથે બન્યો છે. જેમાં યુવકે ભેંસ ની ખરીદી કરવા માટે લીધેલા રૂપિયા બે લાખ ની લોનના પૈસા જમા થયા હતા. આ દરમિયાન યુવકે ભાઇ સાથે મંગાવેલ ચીજવસ્તુના પૈસા ટ્રાન્સફર કરવા જતા થયા ન હતા.જેથી યુવકે બેંક એકાઉન્ટ ચેક કરતા રૂ ૧.૪૬ લાખ કોઇ શખ્સે ઉપાડી લીધા હતા. આ બાદ યુવકે બેંકમાં તપાસ કરતા અજાણ્યા શખ્સે પૈસા ઉપાડી લીધા હોવાનું માલૂમ પડયું હતુ.આ બનાવ અંગે ઠાસરા પોલીસે આઇટી એક્ટ અન્વયે ફરિયાદ નોંધાવી હતી.

વધુ માહિતી અનુસાર ઠાસરા પીપલવાડા માં રહેતા વિક્રમ



યુવાને પૈસા ચુકવવા ટ્રાન્જેક્શન કર્યુ ત્યારે ખબર પડી કે બેલેન્સ નથીઃ બેંકે જઇ તપાસ કરતાં ફ્રોડ થયાની ખબર પડી

રાઠોડ પરિવાર સાથે અમદાવાદના વટવામાં આવેલ વજન કાંટાની ઓફિસમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરે છે.આ દરમિયાન યુવકે વર્ષ-૨૦૨૫ માં ફાઇનાન્સ કંપની માંથી રૂ ૨ લાખ ની ભેંસ લાવવા માટે લોન લીધી હતી. તેના રૂ ૧.૯૦ લાખ બેંક એકાઉન્ટમાં જમા થયા હતા. આ બાદ યુવકે રૂ ૩૯ હજારનો ખર્ચ કરતા રૂ ૧.૫૧ લાખ એકાઉન્ટમાં પડ્યા હતા. બાદ યુવકની પત્નિ ડીલીવરીના ખર્ચ પેટે રૂ ૫ હજાર આપ્યા હતા ત્યારે એકાઉન્ટમાં બાકીના રૂ ૧.૪૬ લાખ હતા. આ દરમિયાન યુવકે પત્નિ અને બાળકો સાથે સાસરીમાં હતા અને યુવકના મોબાઇલમાં દિકરો કાર્ટુન જોતા હતા.

તે સમયે યુવકે તેના ભાઈ પાસે કોપરું અને બીજો સામાન પૈસા ચૂકવવા જતા સોશિયલ મીડિયા થકી પૈસા ટ્રાન્સફર થયા ન હતા. આ બાદ યુવકે બેંક એકાઉન્ટ ચેક કરતા ફક્ત રૂ ૨૨૯ હતા અને રૂ ૧.૪૬ લાખ કપાઇ ગયા હતા. આ બાદ યુવકે બેન્કના કસ્ટમર કેર પર વાત કરતા કોઇ અજાણ્યા શખ્સે એકાઉન્ટમાંથી પૈસા ઉપાડી લીધા હતા.આમ કોઇ અજાણ્યા શખ્સે યુવક સાથે છેતરપિંડી આચરી હોવાનું માલૂમ પડયું હતું. આ બનાવ અંગે વિક્રમ પ્રભાતસિંહ રાઠોડે ઠાસરા પોલીસ મથકે આઇટી એક્ટ અન્વયે અજાણ્યા શખ્સ સામે ઠગાઈની ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે.

આ રીતે અને બીજી અનેક નવી જુની રીતે સાયબર ફ્રોડની ઘટનાઓ હવે રોજીંદી થઇ પડી છે. સાયબર ગઠીયાઓ સામે લોકો જાગૃત થઇ રહ્યા છે આમ છતાં ગઠીયાઓ તદ્દન નવા જ નુસ્ખાઓ અજમાવી લોકોને છેતરવામાં સફળ થઇ જાય છે. અમુક વખત તો જુના નુસ્ખાઓ જેમ કે શેર બજાર, યુએસડીટીમાં રોકાણ પર નફો, ટાસ્કના નામે ઘરે બેઠા કમાણી સહિતનાનો ઉપયોગ કરીને પણ ઠગાઇ કરવામાં આવતી હોય છે. લોકો જાણતા હોય છે કે આ જોખમી છે છતાં લાલચની જાળમાં આવી જાય છે અને લાખો ગુમાવી બેસે છે. સાયબર ફ્રોડનો ઉકેલ એ જ છે કે જાગૃત રહો.

---

### લોકોના ગરીયા કરી નાંખવાની અવનવી વધુ બે ઘટના આવી સામે

# જમીનમાં રોકાણના નામે વેપારીને અઠ્ઠાવીસ લાખનો ડામ

રાજકોટ,તા.૭

છેતરપીંડી એ સાવ સામાન્ય ઘટના બની ગઇ છે. રોજબરોજ કોણ કોના દ્વારા છેતરાઇ જાય એ નક્કી હોતું નથી. વધુ બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં જમીનમાં રોકાણના નામે વેપારી સાથે સવા અઠ્ઠાવીસ લાખની ઠગાઇ છે. બીજી એક ઠગાઇમાં ટ્રકનો ચાલક, માલિક સહિતનાએ ઠગાઇ કરી હતી. તેર લાખ ચોર્યાસી હજારની કિમતની વીસ ટન તુવેર જે તે સ્થળે પહોંચાડવાને બદલે બારોબાર વેંચી મારી હતી.

પ્રથમ ફ્રોડની વિગતો જોઇએ તો અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં રહેતા રાજેશભાઈ જવાહરલાલ નેનાણી સાથે જમીન રોકાણના બહાને લાખો રૂપિયાની છેતરપિંડીની ઘટના સામે આવી છે. વર્ષ ૨૦૨૪માં ફરિયાદી દુર્ગી ગામના રાજેશ પઢાર અને ગગુભાઈ પઢારના સંપર્કમાં આવ્યા હતા. આરોપીઓએ ઝાપ ગામની સીમમાં સર્વે નંબર ૪૮૮ પૈકીની બિનખેતી જમીન બતાવી વિશ્વાસમાં લીધા હતા. ફરિયાદીએ જમીન પેટે અલગ-અલગ ખાતાઓમાં અને રોકડ મળી કુલ રૂપિયા ૨૮,૨૫,૦૦૦નું રોકાણ કર્યું હતું. વારંવાર રજૂઆત કરવા છતાં આરોપીઓએ જમીનનો દસ્તાવેજ કરી આપ્યો નહોતો કે નાણાં પરત કર્યા નહોતા.

ત્યારબાદ બીજાની જમીન બતાવી છેતરપિંડી આચરી હોવાનું જણાતા રાજેશભાઈએ નળસરોવર પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આ મામલે રાજેશ દેવશીભાઈ પઢાર, ગગુભાઈ દેવશીભાઈ પઢાર, દાનુભાઈ ગોરધનભાઈ પઢાર, રમીલાબેન વાલજીભાઈ પઢાર વિરૂધ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

બીજી ઘટનામાં પોણા ચૌદ લાખની તુવેર ટ્રકના માલિક, ચાલક સહિતની ત્રિપુટીએ બારોબાર વેંચી મારી

બીજી ઘટના જોઇએ તો મોરબીના રવાપર ખાતેના નાફેડના ગોડાઉનમાંથી ૩૧ ટન તુવેરનો જથ્થો મહારાષ્ટ્રના આંકોલા પહોંચાડવાનાં બદલે આ પૈકી રૂા.૧૩.૮૪ લાખની ૨૦ ટન તુવેર ગોંડલ યાર્ડમાં બારોબાર વેંચી મારી છેતરપિંડી આચરતા ટ્રક માલિક, ડ્રાઇવર અને એક અન્ય શખ્સ સામે લાઠી પોલીસ મથકમાં વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવી હતી. ગોંડલના વતની રજનીકાંત મનહરલાલ પંડયાએ તુવેરનું મહારાષ્ટ્ર ટ્રાન્સપોર્ટેશન કરવા જયદીપસિંહ ભરતસિંહ પરમારની માલિકીનો ટ્રક ભાડે કર્યો હતો. જેમાં ટ્રક ચાલક શિવલાલ ધીરજલાલ વડગામાએ ૩૧ ટન તુવેર ભરી મહારાષ્ટ્રના આંકોલા ખાતે ખાલી કરવા જવાનું હતું. એ પછી ટ્રક ચાલકે એકત્રીસ ટન તુવેર આંકોલા પહોંચાડવાને બદલે માલ ખાલી કર્યાનું લાઠીનું ખોટું લોકેશન દર્શાવીને જથ્થા પૈકી ૨૦ ટન તુવેર કિંમત રૂા.૧૩.૮૪ લાખનો જથ્થો બારોબાર સગેવગે કરી ગોંડલ યાર્ડમાં વેંચી માર્યો હતો. ત્યારબાદ તેણે મોબાઇલ ફોન બંધ કરી દીધો હતો. આ કારોબારમાં તુવેર વેચવામાં સંજયભાઇ અણદાણીએ મદદગારી કરી હતી. આ બાબતે રજનીકાંત પંડયાએ લાઠી પોલીસ મથકમાં બોટાદના ટ્રક માલિક જયદીપસિંહ ભરતસિંહ પરમાર તેમજ બોટાદના ટ્રક ચાલક શિવલાલ ધીરજલાલ વડગામા તેમજ મદદગારી કરવામાં આવેલ લાઠીના ભીંગરાળ ગામના સંજયભાઇ આણદાણી સામે લાઠી પોલીસમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી આગળની કાર્યવાહી કરી હતી. આમ વધુ બે લોકો છેતરાઇ ગયા હતા.

---

### લોકો જાણતા હોય છે છતાં લલચાય છે અને લપેટાય છે ગઠીયાની જાળમાં

# બેંક કર્મીની ઓળખ આપી ગઠીયાએ ઉસેડયા ૬૩ લાખ

## વેપારી સહિતનાને શેર બજારમાં રોકાણ પર ઉંચા વળતરની લાલચ આપી છેતરી લીધાઃ બીજી તરફ ઓગણપચાસ લાખની સામે નેવુ લાખ વ્યાજ વસુલી ત્રણ કરોડની જમીન પણ નામે કરાવી લીધી

રાજકોટ,તા.૭

શેર બજારમાં રોકાણ કરવાથી મોટો નફો મળશે એવી લાલચ આપી છેતરપીંડી કરવાની ઘટનાઓ એક ભુલો ત્યાં બીજી ચાર હાજર હોય છે. આવી જ એક ઘટનામાં જામનગરમાં શેર બજારનો વ્યવસાય કરતાં વેપારી છેતરાઇ ગયા છે અને તેમણે ત્રેસઠ લાખ જેવી રકમ ગુમાવી દીધી છે. વેપારી સાથે અન્ય લોકો પણ ઠગાઇનો ભોગ બન્યા છે. ખાનગી બેંકનો કર્મચારી હોવાની ઓળખ આપી બધા પાસેથી રોકાણના લાખો રૂપિયા મેળવીને ગઠીયો ગાયબ થઇ ગયો હતો.

વિગતો જોઇએ તો જામનગરમાં ગુરુદ્વારા નજીક એકતા એપાર્ટમેન્ટમાં રહેતા અને શેર બજારનો વ્યવસાય કરતા દેવેનભાઇ મોહનભાઇ પટેલ નામના વેપારીએ પોતાની સાથે અને પોતાના પરિવારના અન્ય સભ્ય સાથે રોકાણના બહાને છેતરપિંડી કરવા અંગે તેમજ અન્ય એક વ્યક્તિ સહિત તમામની કુલ ૬૨,૯૪,૮૧૩ની રકમ મેળવી લીધા બાદ પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરવા અંગે જામનગરના ગાંધીનગર નવા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા હિરેન ભરતભાઇ લાખાણી સામે ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર આજથી ત્રણ વર્ષ પહેલા આરોપી હિરેનભાઇ લાખાણી દેવેનભાઇ પટેલના બિઝનેસના પાર્ટનર પારૂલબેન સાથે સંપર્કમાં આવ્યો હતો. પારૂલબેનનો સંબંધી હોવાથી અને પોતે જામનગરની આઇસીઆઇસીઆઇની સિક્યુરિટી બ્રાન્ચમાં ફરજ બજાવતો હોવાથી શેરબજારના ડિમેટ એકાઉન્ટ ખોલાવવાના બહાને રોકાણ કરાવવાનું શરૂ કર્યું હતું અને કટકે કટકે નાણાં જમા કરાવ્યા હતા. શરૂઆતમાં સારો નફો બતાવ્યો હતો અને વળતર આપવાની લાલચ આપી હતી.

ત્યારબાદ વધુ રોકાણ કરાવી દેવેનભાઇ તથા તેના પરિવાર તેમજ જામનગરના ઘનશ્યામસિંહ જાડેજા નામના અન્ય એક વ્યક્તિના પણ પૈસા મેળવી લીધા હોવાનું ધ્યાનમાં આવ્યું હતું અને નાણાંની ઉપાચત કરીને ભાગી છુટયો હોવાથી




આખરે દેવેનભાઇ પટેલ, પારૂલબેન તેમજ ઘનશ્યામસિંહ વેગેરેએ હિરેન લાખાણી સામે વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં સિટી બી.ડીવીઝનના મહિલા પી.એસ.આઇ. એમ.એમ.મહેતાએ તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી અનુસાર પૈસાની છેતરપિંડી કરીને ભાગી છૂટનાર હિરેન લાખાણી ૧૧મા મહિનાથી એકાએક લાપત્તા બન્યો છે અને તેના પિતા દ્વારા સૌ -થમ પોતાનો પુત્ર કહ્યામાં નથી તેવી જાહેરાત -સિદ્ધ કરાવી હતી. જ્યારે જામનગરના સિટી બી.ડીવીઝન પોલીસ મથકમાં પોતાનો પુત્ર ગુમ થઇ ગયો હોવાની પણ ગુમ નોંધ કરાવી હતી. સાથોસાથ દેવેનભાઇ પટેલ અને ઘનશ્યામસિંહ વગેરે સામે આરોપીના પિતા ભરતભાઇ લાખાણીએ અરજી કરી પૈસાની ઉઘરાણી અને ત્રાસ અપાતો હોવાનું જણાવ્યું હતું. બીજી તરફ વ્યાજખોરીનો એક કિસ્સો સામે આવ્યો છે. વડોદરામાં પાંચ કિલો વજનના સોનાના દાગીના સામે વ્યાજે આપેલા ૪૯ લાખની સામે આરોપીઓએ ૯૦ લાખ વસુલ કરી ૩કરોડની જમીનનો દસ્તાવેજ બિલ્ડરના નામે કરાવી લીધો હતો. જે અંગે મહિલાએ ફરિયાદ નોંધાવી હતી. આજવારોડ કલ્યાણનગર સોસાયટીમાં રહેતા પાર્વતીબેન પ્રભુભાઇ સોલંકીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, વર્ષ - ૨૦૨૧ માં મારા પતિએ સમીર અરવિંદભાઇ પટેલ પાસેથી ૪૯ લાખ ૩ ટકાના વ્યાજે લીધા હતા. તેની સામે સોનાના પાંચ કિલો વજનના દાગીના અમે આપ્યા હતા. ત્યારબાદ મારા પતિ છેતરપિંડીના કેસમાં જેલમાં જતા રહ્યા હતા. ત્યારબાદ મારી પરિસ્થિતિ સારી નહીં હોવાથી વ્યાજ ભરવાનું બંધ કરી દીધું હતું.

આરોપીઓએ મારી પાસેથી એક દુકાનનું બાનાખત વ્યાજ પેટે કરાવી લીધું હતું. ત્યારબાદ ૪૯ લાખનું દેવું ચૂકવવા માટે તથા મારા પતિને જેલમાંથી છોડાવવા માટે રૂપિયાની જરૂર હોઇ મેં આરોપીઓના કહેવાથી બાપોદની જમીનનો સોદો ૩ કરોડમાં નક્કી કર્યો હતો. જે દસ્તાવેજમાં કર્ન્ફર્મિંગ પાર્ટી તરીકે અરવિંદભાઇ પટેલ હતા. ૪૯ લાખની સામે ૯૦ લાખ વ્યાજ ચૂકવ્યું હોવાછતાં હજી વધુ વ્યાજની માગણી કરે છે. આરોપીઓએ સોનુ પણ પરત કર્યું નથી. પોલીસે સમીર અરવિંદભાઇ પટેલ તથા અરવિંદ શનાભાઇ પટેલની સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ફરિયાદી પાર્વતીબેનનું કહેવું છે કે, આરોપીના કહેવાથી મેં બિલ્ડર ભૂપેન્દ્ર ઉર્ફે ટીના શાહના પુત્ર દર્ષિત શાહને વર્ષ - ૨૦૨૨માં દસ્તાવેજ કરી આપ્યો હતો. તે દસ્તાવેજના ૨.૦૫ કરોડ હજી મને મળ્યા નથી. પોલીસે આ મામલે પણ તપાસ હાથ ધરી હતી.

# વોર્ડ-૯ શહેરનો ક્રીમ વિસ્તાર છતાં નગરસેવકો ડોકાતા નથી

## બેઠક વહેંચણીમાં અનેક નવા સમીકરણો મળી શકે છે જોવા : પુષ્કરભાઈ પટેલ રીપીટ થાય તો નવાઈ નહીં તો સામે વિક્રમભાઈ પુજારાનું પણ નામ ચર્ચામાં



### મહિલા કોર્પોરેટરો ''નો રીપીટ'' : SC બેઠક આવતા જીતુભાઈની ટિકિટ કપાશે નક્કી

રાજકોટ, તા. ૭

છેલ્લા ઘણા સમયથી રાજકીય વર્તુળોમાં એ વાતની ચર્ચા ચાલી રહી છે કે વિધાનસભા સત્ર પૂરું થાય અને મહાનગર પાલિકાની સાથો સાથ જિલ્લા પંચાયતની ચૂંટણીઓ જાહેર કરી દેવામાં આવે પરિણામ સ્વરૂપે હાલ બેઠક વેચણી અંગેના પણ ઘણા ખરા અન્ય પ્રશ્નો ઉઠી રહ્યા છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરેલા રોસ્ટર પ્રમાણે દરેક વોર્ડમાં અનામત બેઠકો નક્કી કરવામાં આવેલી છે. પરંતુ સામે જે તે વોર્ડના રહેવાસીઓમાં ક્યાંક ને ક્યાંક પોતાના નગરસેવકો પ્રત્યે રોશ પણ ભભૂકી ઉઠ્યો છે કારણ કે સ્થાનિક પ્રશ્નોનું નિવારણ ન આવતા હાલ પ્રશ્ન ઊભા થયા છે એટલું જ નહીં નગરસેવકો દ્વારા વોર્ડમાં સમયાંતરે મુલાકાત લેવામાં આવી જોઈએ અથવા તો પ્રજા સાથે સંવાદ સાધવો જોઈએ તે કરવામાં પણ નગરસેવકો નિષ્ફળ રહ્યા હોવાનું સ્થાનિક લોકો જણાવી રહ્યા છે. જે વાતની ગંભીરતાને ધ્યાને લેતા હાલ નગરસેવકોમાં પણ એવો જ પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે કે આવનારી ચૂંટણીમાં આ મુદ્દો અસર કરતા હશે ત્યારે પક્ષ માટે પણ ખાસુ હોમવર્ક કરવું પડી શકે તેમ છે કારણ કે યોગ્ય ઉમેદવારને ઉભા રાખવામાં નહીં આવે તો કદાચ સ્થાનિક લોકોમાં નારાજગી જોવા મળે.

હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ રોસ્ટર પ્રમાણે વોર્ડ નંબર નવમાં પ્રથમ બેઠક ઓબીસી મહિલા અનામત, તથા બીજી બેઠક સામાન્ય મહિલા અનામત નક્કી કરવામાં આવી છે ત્યારબાદ ત્રીજી બેઠક એસસી અનામત અને ચોથી બેઠક સામાન્ય અનામત નક્કી કરાય છે. ત્યારે રોસ્ટર મુજબ જે જુના જોગીઓ છે તેને રીપીટ કરવામાં આવે એક તથ્ય એ પણ સામે આવ્યું છે તો બીજી તરફ નવા ચહેરાઓને તક આપવામાં આવે તો પણ નવાઈ નહીં. હાલના જે સમીકરણો જોવા મળી રહ્યા છે તેમાં એકમાત્ર પુષ્કરભાઇ પટેલને રીપીટ કરવામાં આવે તેવું જણાઈ રહ્યું છે અને જો પુષ્કર ભાઈ રીપીટ ન થાય તો વિક્રમભાઈ પુજારાને આ વોર્ડમાંથી ચૂંટણી લડાવવામાં આવે તેવું હાલ જાણકાર વર્તુળો જણાવી રહ્યા છે. જીતુભાઈ કાથરોટીયા ની ટિકિટ અચૂક કપાસે કારણ કે ત્યાં શેડ્યુલ કાસ્ટ બેઠક આપવામાં આવી છે તો સામે બંને મહિલા નગર સેવકોની પણ ટિકિટ કપાશે તેવું સ્પષ્ટ ચિત્ર ઊભું થયું છે. વોર્ડ નંબર ૯ જે પશ્ચિમ વિધાનસભામાં આવે છે તે હર હંમેશ ભાજપનો ગઢ રહ્યો છે. હાલ આ વોર્ડના પ્રવર્તમાન નગર સેવકો ની વાત કરવામાં આવે તો પુષ્કર પટેલ, આશાબેન ઉપાધ્યાય, દક્ષાબેન વાસાણી તથા જીતુભાઈ કાટોડીયા ગત મહાનગરપાલિકાની ચૂંટણીમાં કોર્પોરેટર તરીકે ચૂંટાયા હતા. હાલ આ વોર્ડમાં પ્રબુદ્ધ નાગરિકો વસવાટ કરે છે અને ૧૮ વોટ માંથી આ વોર્ડ ક્રીમ વોર્ડ તરીકે પણ પ્રસિદ્ધ છે. ત્યારે અહીં સ્થાનિક પ્રશ્નો માં એવો કોઈ મોટો પ્રશ્ન નથી ત્યારે નગર સેવકોની કામગીરીને લઈને પ્રશ્ન ઉઠે તેવું લાગતું નથી. પરંતુ જે પ્રજા સાથેનો સંવાદ અને સંપર્ક થવો જોઈએ તે થઈ શક્યો નથી તેવું વોર્ડ નંબર નવના જાણકાર વર્તુળો પણ ચર્ચી રહ્યા છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર હાલ નગરસેવકો ચૂંટણી જીત્યા બાદ ડોક્યુ પણ કાઢતા નથી અને ફરી વખત જો તેઓ ચૂંટણીમાં રિપીટ થાય તે સમયે તેમને જોવામાં આવે છે ત્યારે ચૂંટાયેલા નગર સેવકોની આ વૃત્તિ વોર્ડના વિકાસ માટે યોગ્ય નથી. ત્યારે અપેક્ષા દરેક પક્ષ પાસેથી લોકો એ જ રાખી રહ્યા છે કે જે પ્રજાના ચૂંટાયેલા સભ્યો સત્તામાં આવે તો તેઓ વોર્ડના વિકાસની સાથોસાથ વોર્ડના લોકો સાથે પણ સમયાંતરે સંપર્ક સાથે જેથી નાના મોટા પ્રશ્નોનું ત્વરિત નિવારણ આવી શકે.

પ્રવર્તમાન વોર્ડ નંબર નવના નગરસેવકોમાં એકમાત્ર પુષ્કરભાઈ પટેલ એક્ટિવ હોવાનું જાણવા મળ્યું હતું બાકી અન્ય નગર સેવકોમાં આશાબેન ઉપાધ્યાય ક્યાંકને ક્યાંક નજરે પડ્યા હોવાનું પણ સ્થાનિક લોકોએ જણાવ્યું હતું. ત્યારે આ બાબતની ગંભીરત અને તેને લેતા યુવાઓને તક આપવામાં આવે તેવું હાલ ચર્ચાઈ રહ્યું છે અને લોકો પણ એ દિશામાં જ આગળ વધી રહ્યા છે.

# બેઠક સમીકરણો બદલાતા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બનશે રોમાંચક

## ભાજપ, કોંગ્રેસમાં ઉમેદવારોની પસંદગી અંગે અત્યારથી જ મથામણ શરૂ, બેઠકોનો દોર ધમધમયો



રાજકોટ, તા. ૭

આ વખતની મહાનગરપાલિકાની ચૂંટણીઓ હોય કે જિલ્લા પંચાયતની બંનેમાં દરેક રાજકીય પક્ષોએ બેઠક વહેંચણી માટે લોઢાના ચણા ચાવવા પડશે કારણ કે આ વખતની ચૂંટણી પૂર્વે જ હાલ રાજકીય પક્ષોમાં અનેકવિધ બદલાવો થતા હોવાનું રાજકીય વર્તુળો જણાવી રહ્યા છે. હાલ જે વિગતો મળી રહી છે તે અનુસાર ટૂંક સમયમાં જ ચૂંટણીનું સમયપત્રક પંચ દ્વારા જાહેર કરી દેવામાં આવે તેવી પણ પ્રબળ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. રાજા ચૂંટણી આયોગ દ્વારા અનામત અને બેઠકના રોટેશન જે નક્કી કરવામાં આવ્યા છે તેનાથી પક્ષ દ્વારા નક્કી કરવામાં આવેલા ભૂતકાળના તમામ સમીકરણો બદલી ચૂક્યા છે અને હવે નવા સમીકરણો હાથ ધરવા માટે અત્યારથી જ મહેનત શરૂ કરવામાં આવી છે. માત્ર રાજકોટ નહીં રાજ્યની તમામ મહાનગરપાલિકામાં તથા જિલ્લા પંચાયતની બેઠકોમાં હાલ દરેક રાજકીય પક્ષ એડી ચોટીનું જોર લગાવી રહ્યું છે અને પોતાનો અભ્યાસ અને અનુભવ કામે લગાડવામાં આવી રહ્યો છે. વાત એટલી જ શિબિર નથી હાલ દરેક રાજકીય પક્ષ દ્વારા ગ્રાઉન્ડ વર્ક પણ શરૂ કરી દીધું છે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આ વખતથી ચૂંટણી માત્ર રાજકીય જંગ જ નહીં પરંતુ બેઠકોની વહેંચણી પણ મુખ્ય પરિબળ બની રહેશે અને આમાં જો રાજકીય પક્ષ નિષ્ફળ નીકળશે તો તેને ચૂંટણીનું માઠું પરિણામ પણ ભોગવવું પડશે તેવું રાજકીય તજજ્ઞો કઈ રહ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓબીસી તથા મહિલાઓ માટે અનામતની સંખ્યા વધારવામાં આવી છે જેથી અનેક બેઠકોની સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ જશે. બીજી તરફ જે વિસ્તારમાં રહેતા નગરસેવકો છેલ્લી અનેક ઈલેક્શનમાં વિજય થયા હોય તેઓએ પણ નવી જગ્યા શોધવી પડે તેવા સંજોગો ઊભા થયા છે આ માત્ર મહાનગરપાલિકા પૂરતું સીમિત નહીં પરંતુ જિલ્લા પંચાયતમાં પણ ચૂંટાયેલા સભ્યોએ પણ અન્ય બેઠકો ઉપર મદાર રાખવો પડશે જે માટેનું ગણિત હાલ શરૂ થઈ ચૂક્યું છે. વર્ષોથી એક જ વિસ્તારમાંથી જીતતા કેટલાક સિટિંગ નેતાઓને પોતાની પરંપરાગત સીટ છોડીને નવી જગ્યા શોધવી પડી શકે છે. પક્ષોની અંદર પણ નવા સામાજિક સમીકરણો મુજબ ઉમેદવારો પસંદ કરવાની ચર્ચાઓ તેજ બની છે.

મહિલાઓ માટે અડધી બેઠકો અનામત હોવાથી પક્ષોએ મોટી સંખ્યામાં નવા મહિલા ચહેરાઓને રાજકીય મેદાનમાં ઉતારવાની તૈયારી શરૂ કરી છે. જેના કારણે ઘણા વિસ્તારોમાં જૂના નેતાઓની જગ્યાએ નવા ઉમેદવારોને તક મળવાની શક્યતા વધી રહી છે. હાલ જે વિગતો મળી રહી છે સૂત્રો દ્વારા તે મુજબ યુવા આગેવાનો તથા મહિલાઓની સંખ્યામાં જે વધારો કરવામાં આવ્યો છે તે માટે નવા ચહેરાઓની શોધખોળ પક્ષ દ્વારા શરૂ કરી દેવામાં આવી છે અને કહી શકાય કે આગામી સપ્તાહમાં પક્ષ દ્વારા આંતરિક બેઠકોનું પણ આયોજન કરવામાં આવશે અને ખાસ આ બેઠકોમાં કોને ચૂંટણી લાડાવી સાથોસન પ્રજા પર તેમનું પ્રભુત્વ પ્રજા સાથેનો તેમનો સંવાદ સહિત અનેકવિધ મુદ્દાઓને પણ ધ્યાને લેવામાં આવશે.

ત્યારે એ વાત તો સ્પષ્ટ છે કે ભાજપ હોય કે પછી કોંગ્રેસ બંને રાજકીય પક્ષો માટે બેઠક વહેંચણીનો મુદ્દો અત્યંત પેચીદો બની રહેશે કારણ કે રાજકીય સમીકરણો બદલાઈ જતા કોને તક આપવી, અને કોને કટ ટુ સાઈઝ કરવા તે અંગે નિર્ણય લેવો અત્યંત પડકાર જનક સાબિત થાય તેવું હાલ જાણવા મળી રહ્યું છે. જે માટે દરેક રાજકીય પક્ષોએ અત્યારથી જ તમામ પરિસ્થિતિનું અવલોકન શરૂ કરી દીધું છે.

### રાજકોટના પૂર્વ કલેક્ટર રૈમ્યા મોહન બુધવારથી મનપાના વહીવટદાર

# મહાનગરપાલિકામાં બારમી વખત વહિવટદાર શાસન આવશે



### ૨૦૨૦મા કોરોના કાળ વખતે તત્કાલીન કમિશનર ઉદિત અગ્રવાલ છેલ્લા વહિવટદાર બન્યા હતા

રાજકોટ , તા. ૭

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટાયેલ પાંખની મુદ્દત આગામી તા.૧૧ માર્ચના રોજ પૂર્ણ થનાર હોય ત્યારબાદ ચૂંટણી માટેની તારીખ જાહેર થશે આચાર સંહિતાનો સમયગાળો અને મતદાન તેમજ નવી બોડીની વરણી થાય ત્યા સુધીમાં લગભગ બે માસ જેટલો સમય થવાનો હોવાથી તા.૧૧ના રોજ હોદ્દેદારોની મુદ્દત પૂર્ણ થતા જ એક સપ્તાહ દરમ્યાન મનપામાં વહીવટી શાસન લાગુ કરવામાં આવે તેવી સંભાવના જાણ કારો દ્વારા વ્યક્ત કરવામાં આવી રહી છે .

રાજકોટ મહાપાલિકાની ચૂંટણીનું કાઉન્ટ ડાઉન શરૂ થઇ ચૂક્યું છે અને વર્તમાન બોડીની ટર્મ આગામી તા.૧૧ માર્ચના રોજ પૂર્ણ થઇ રહી છે ત્યારે હવે આગામી સપ્તાહમાં ગમે ત્યારે વહીવટદાર રાજ લાગુ થશે. મહાનગરપાલિકાની સ્થાપના બાદ બારમી વખત વહિવટદારનુ શાસન આવશે . ૨૦૨૦ માં કોરોના કાળ વખતે તત્કાલીન કમિશનર ઉદિત અગ્રવાલ સ્થાયી સમિતિની સત્તા સાથે વહિવટદાર તરીકે નિયુક્ત થયા હતા. રાજકોટ સહિત રાજ્યની છ મહાપાલિકામાં એકથી દોઢ મહિનો વહીવટદાર રાજ આવશે. તા.૧૧ માર્ચ બાદ મહાપાલિકામાં ગમે ત્યારે વહીવટદાર શાસન લાગુ કરવાનો હુકમ થશે. નવી રચાયેલી મહા પાલિકાઓમાં તો હાલ વહીવટદાર જ કાર્યરત છે. જ્યારે રાજકોટ સહિત અન્ય મહા પાલિકાઓમાં વહીવટદાર તરીકે હાલમાં કાર્યરત મ્યુનિસિપલ કમિશનર અથવા અન્ય સિનિયર ઓફિસર મુકાશે તેવી ચર્ચાએ જોર પકડયું હતું. પરંતુ સરકારે રાજકોટ મહાનગરપાલિકા સહિત અન્ય મહાનગરોમાં વહીવટદાર નિમ્યા છે તેમાં રાજકોટમાં પૂર્વ કલેકટર રૈમ્યા મોહનને વહીવટદાર તરીકેની જવાબદારી સોંપી છે જેઓ ૧૧ મીએ પોતાનો ચાર્જ સંભાળશે તેવું વર્તુળો ચર્ચી રહ્યાં છે. સામાન્ય રીતે તો મ્યુનિસિપલ કમિશનરને જ વહીવટદાર તરીકે નિયુક્ત કરાતા હોય છે. ગત ટર્મના અંતે કોરોના કાળને કારણે ચૂંટણી બે મહિના વિલંબિત થતા તત્કાલિન મ્યુનિસિપલ કમિશનર ઉદિત અગ્રવાલને જ વહીવટદાર તરીકે નિયુક્ત કરાયા હતા.

મહાનગરપાલિકાના કોર્પોરેટરોની મુદ્દત આગામી ૧૧ માર્ચના રોજ પૂર્ણ થાય છે. પાંચ વર્ષ પહેલા ચૂંટાયેલા તમામ પ્રતિનિધિઓ તેમજ મેયર, સ્ટેન્ડિંગ ચેરમેન, ડે.મેયર, પક્ષના નેતા, વિપક્ષી નેતા અને દંડક સહિતાની મુદ્દત પૂર્ણ થવામાં છે. ચૂંટણી પચ દ્વારા હજુ સુધી મતદાર માટેની તારીખ જાહેર કરવામાં આવી નથી. જેની સામે કોર્પોરેશન દ્વારા વોર્ડ વાઈઝ અને ઝોન વાઈઝ મતદાર યાદી તૈયારી કરી ચૂંટણી પંચને આ બાબતે જાણકારી આપવામાં આવી છે.

છતાં ચૂંટણી જાહેરાત થાય ત્યાર બાદ ઓછામાં ઓછા ૨૧ થી ૪૫ દિવસ આચાર સંહિતા લાગુ થતી હોય છે. ૧૧ તારીખે મુદ્દત પૂર્ણ થતા સંભવતઃ ૧૨ અથવા ૧૩ તારીખે વહીવટદારની નિમણુક થવાની સંભાવના છે. હાલ ભારતીય જનતા પાર્ટીના ૬૮ અને કોંગ્રેસના ૪ સહિત ૭૨ નગરસેવકો કાર્યરત છે. જે તમામ મુદ્દત પૂર્ણ થશે. સુત્રોના જણાવ્યા મુજબ ૨૫ માર્ચ દરમ્યાન મનપાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવે તો આચાર સંહિતાના દિવસો બાદ કરતા મતદાન તા.૨૫ એપ્રિલથી ૧ મેની વચ્ચે યોજાય તેવુ લાગી રહ્યુ છે. જેના લીધે આ સમયગાળા દરમ્યાન મહાનગર પાલિકાની તમામ કામગીરી રાબેતા મુજબ ચાલી શકે તે માટે વહીવટદારની નિમણુંક કરવામાં આવશે.મનપાના હાલના ચૂંટાયેલ સભ્યો દ્વારા છેલ્લા એક માસથી ચૂંટણી પહેલા વધુમાં વધુ લોકહિતના કામો થઈ શકે તેવા પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. થોડા દિવસ પહેલા બોલાવવામાં આવેલ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં રેકોર્ડ બેંક ૪.૭ અબજના ખર્ચને મંજૂરી આપવામાં આવી હતી. તેવી જ રીતે અગાઉ સ્ટેન્ડિંગમાં મંજૂર થયેલા અગત્યના અને પ્રજાને લાભદાયી હોય તેવી ૧૧ દરખાસ્ત મંજૂર કરવા માટે સ્પેશિયલ જનરલ તા.૧૦ના રોજ બોલાવવામાં આવ્યુ છે. ચૂંટાયેલ પાંખની મુદ્દત પૂર્ણ થતા પદાધિકારીઓ સહિતનાને આપવામાં આવેલ કાર, બંગલા સહિતની તમામ પ્રકારની સેવાઓ પરત લેવામાં આવશે .

### નવા પ્રોજેકટો અટકી જવાની સંભાવના

મહાનગરપાલિકાની ચૂંટાયેલ પાંખની મુદ્દત આગામી તા.૧૧ના રોજ પૂર્ણ થવામાં છે. ત્યારે નવી બોડીની રચના ન થાય ત્યા સુધી કોર્પોરેશનમાં વહીવટદાર શાસન લાગુ થશે. જેના લીધે સ્ટીન કામગીરી રાબેતા મુજબ ચાલુ રહેશે. પરંતુ રોડ રસ્તા સહિતના નવા પ્રોજેકટો માટે ટેન્ડર પ્રક્રિયાને બ્રેક લાગશે કારણકે કમિશનર વિભાગ દ્વારા નવા પ્રોજેક્ટ તૈયાર કર્યા બાદ મંજૂરી અથે દરખાસ્ત સ્ટેન્ડિંગમાં રજૂ કરવી પડે છે. ત્યારે નવા ચૂંટાયેલા પ્રતિનિધિઓની વરણી અંદાજે બા માસ બાદ થશે. જેથી એક પણ પ્રોજેક્ટ મંજૂર થઈ શકશે નહીં જેના કારણે આગામી મે માસ સુધી નવા પ્રોજેકટો અટકી જવાની સંભાવના જોવાઈ રહી છે.

### મહાનગરપાલિકામાં અત્યાર સુધી નિમાયેલા વહિવટદાર

**૧૯૭૪–૭૫**
**– એન. એમ. બ્રિજલાણી**
**– સી.સી. ડોક્ટર**
**– કે. ઓ. વરદન**
**– એન. એમ. બ્રિજલાણી**
**૧૯૮૦–૮૧**
**– આર. રામભદ્રન**
**૧૯૯૩–૯૫**
**– અશોક કોશી**
**– અશોક નારાયણ**
**૨૦૦૦**
**– પી.એન. રોય ચૌધરી**
**૨૦૦૫**
**– જી. આર. અલોરીયા**
**૨૦૨૦–૨૦૨૧**
**– ઉદિત અગ્રવાલ સ્થાયી સમિતિની સત્તા સાથે**
**.......................**